
॥ तस्य वाचकः प्रणवः ॥

# મારા ગુરુદેવ

ૐ ગુરુ ૐ



ગિરનાર-સિદ્ધ-દર્શન અને અઘોરી.
નિત્યાનંદ બાબાનાદર્શને-ગણેશપુરી.
પિટ્સબર્ગ (અમેરિકા)માં પ્રણવ પ્રગટ્યા.
ગાયત્રીદર્શન, નવરાત્રી આવી હોય?
દાઢીવાળો બાવો દેખાય છે! અને
રણછોડદાસજી મહારાજના દર્શને છે.

ૐ

॥ ૐ ॥

# મારા ગુરુદેવ

પ. પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજના
પ્રેરક પ્રસંગો અને સાધનાનુભૂતિઓ

: સંગ્રાહક :

ગુરુપાદપંક—પંકજ શાહ

જયનારાયણ ગ્રંથાવલિ
પુષ્પ – બીજું

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર વતી
ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુ. ૧/અ પલિયડનગર
સોસાયટી, સેંટ ઝેવિયર્સ સ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૧૩.
ફોન : ૪૯૫૧૯૫

સર્વ હક્ક : પ્રકાશક તથા શ્રી યોગભિક્ષુજીને સ્વાધીન.

પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦ તા. ૨૭-૫-૮૨ ગુરુપુણ્યામૃત
સુધારેલી દ્વિતીય આવૃત્તિ : ઓમગુરુદેવ જયંતી તા. ૧૩-૧૦-૯૦

પ્રત-૧૦૦૦

કિંમત : રૂા. ૧૬

મુખપૃષ્ઠ - કિશોર મકવાણા

મુદ્રક :
દર્શના પ્રિન્ટર્સ
ઘીકાંટા રોડ,
અમદાવાદ.

॥ ॐ ॥

# અક્ષયનિધિ

જે સાધનાનુભૂતિઓના અક્ષય–અમૂલ્ય નિધિઓ ઉપર મૌનનાં વજ્ર કમાડો ભિડાવીને તે પર મહામૌનનાં તાળાં ઠબકારી દીધાં હોય છે તેને પણ પ્રેમ–સમર્પણ–ધ્યાન દ્વારા ખોલાવી શકાય છે તેનું આ **"મારા ગુરુદેવ"** જ્વલંત દૃષ્ટાંત છે. પ્રેમીઓએ પોતાની નિષ્ઠાશક્તિ દ્વારા એક મુક્તામણિ બહાર ખેંચી કાઢયો છે. બહુજનહિતાય–સુખાય માટે બીજા કેટલા મુક્તા–મણિઓને નિધિમાંથી તેઓ બહાર ખેંચી શકે છે તેનો જવાબ ભવિષ્ય આપશે.

ઇતિ શિવમ્

સદા સર્વ શુભેચ્છક યોગભિક્ષુન

**જયનારાયણ**

# વિનંતિ

અમો ઓમ્ પરિવારનાં બાળકોની અતિ આગ્રહપૂર્વકની વિંનતિની હઠ પાસે પ. પૂ. ગુરુદેવે નમતું જોખ્યું. એટલે કે "મારા ગુરુદેવ" માટે સ્વીકૃતિ આપવાની કૃપા કરી.

અમને શ્રદ્ધા છે કે આ "મારા ગુરુદેવ" બધાના ગુરુદેવ બનશે. એટલે કે સર્વને પ્રેરણા પાશે, સર્વેની સાધનામાં અને જીવનસાધનામાં શ્રદ્ધાનું દિવેલ પૂરીને વિશ્વાસ અને પુરુષાર્થનો દીવો અખંડ પ્રજ્વલિત રાખશે.

કોઈની પણ નિંદા કે પ્રશંસા કરવાનો આમાં લેશ માત્ર આશય નથી. પૂ. ગુરુદેવના પ્રેમીઓની ઘણા વખતની ઇચ્છા પૂરી કરવાનો આ એક પ્રયત્ન માત્ર છે. આમાં જે કાંઈ મહાનતાઓ છે તે પૂ. ગુરુદેવની છે અને ક્ષતિઓ બધી અમારી છે. તેથી અમારા આ નમ્ર પ્રયત્નને સૌ નીર-ક્ષીર ન્યાયે જોશે એવી નમ્ર વિંનતિ છે.

પૂ. શ્રીના આશીર્વાદ સમા 'મારા ગુરુદેવ' પુસ્તકને બીજી આવૃત્તિ રૂપે મૂકતાં અમને અતિ આનંદ થાય છે.

આ કાર્યને આપણું પોતાનું માનીને સૌ કોઈએ આમાં જે ઉત્સાહપૂર્વક સાથ-સહકાર આપ્યા છે તે સૌને ધન્યવાદ છે. તે સૌ પર ઓમ્ નારાયણના અને પૂ. ગુરુદેવના આશિષ વર્ષી રહ્યા છે.

ઓમ્ પરિવાર વતી—
ગુરુપ્રેમભિક્ષુ
ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુ
ગુરુધ્યાનભિક્ષુના-
જય ગુરુદેવ જય નારાયણ

# અનુક્રમ


| | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| (૧) | ગિરનાર-સિદ્ધ દર્શન અને અઘોરી/ગિરનારની શિવરાત્રી | ૯ |
| (૨) | ગાયત્રી-દર્શન | ૨૩ |
| (૩) | નિત્યાનંદ બાબાનાં દર્શને – ગણેશપુરી | ૨૭ |
| (૪) | માતાજીમાં ગુરુદેવ-દર્શન | ૩૧ |
| (૫) | રણછોડદાસજી મહારાજનાં દર્શને | ૩૨ |
| (૬) | હું મહાત્મા કે આ મહાત્મા ? | ૩૬ |
| (૭) | નવરાત્રી આવી હોય ? | ૩૯ |
| (૮) | આવેશને ઊભરાઈ જવા ન દો. | ૪૨ |
| (૯) | મારા પ્રેમીઓ મારી કમાણી છે ! | ૪૬ |
| (૧૦) | ગુરુચરણ-સ્પર્શ-રહસ્ય | ૪૭ |
| (૧૧) | હજુ તો ઘણાં કમાડો ખોલાવવાનાં છે ! | ૪૯ |
| (૧૨) | નિર્દંભ ગુરુદર્શન નિષ્ફળ કદી નહિ ! | ૫૧ |
| (૧૩) | સકામતાના બોજા તળે જીવનને શા માટે ચગદી નાંખવું ? | ૫૨ |
| (૧૪) | ગુરુજી ! મને કાર મળે એવો આશીર્વાદ આપો. | ૫૬ |
| (૧૫) | ત્રણ આંગળની બીડી પાંચ હાથની કાયાને ઉઠાડે ? | ૬૦ |
| (૧૬) | નામ-રસાયન નાનકા ચડી રહે રૈન દિન ! | ૬૪ |
| (૧૭) | તમારી બાયડીમાં પણ ધ્યાન કરી શકો છો ! | ૬૭ |
| (૧૮) | તમારો "હું" આંખો ફાડીને બેઠો છે ! | ૬૭ |
| (૧૯) | બે શ્રીફળ ! | ૬૮ |
| (૨૦) | દાઢીવાળો બાવો દેખાય છે ! | ૬૯ |
| (૨૧) | ફ્રિસકટવે(અમેરિકા) માં પ્રણવ પ્રગટયા ! | ૭૨ |
| (૨૨) | શિવરાત્રી અને શિવાલય (એક દિવ્ય રહસ્ય) | ૭૬ |
| (૨૩) | ઓમ-ધ્વનિ-ધારા નીકળી (પદ્ય) | ૮૨ |
| (૨૪) | ચિનગારી (પદ્ય) | ૮૩ |

# ગુરુ એ તો ગંગાના ધોધ જેવા છે.

આનંદ એ માનવીનો મૂળ સ્વભાવ છે જે અજ્ઞાનના આવરણ તળે દબાઈ જાય છે. અજ્ઞાન જ્ઞાનની ભાવનાને ગળે ટૂંપો દઈ દે છે. સાચું જ્ઞાન, એટલે કે સાચો આનંદ ભુલાઈ જાય એટલે માણસ વલખાં મારતો થઈ જાય. બાહ્ય વસ્તુઓમાં ડૂબકીઓ માર્યા કરે અને અંતે નિરાશા પામે. માણસ મૃગજળ પાછળ દોટ મૂકે અને સાચા ઝરણાંને જુએ પણ ઓળખે નહિ, ઓળંગી જાય; પોતાની ખોટી દોટ ઉપર અહંકાર ઉત્પન્ન કરે. ખુદ ઈશ્વર, સાચો આનંદ-પરમાનંદ મળે તોય ઓળખે નહીં. ભય, શંકા, અંધશ્રદ્ધા, ઉદ્‌વેગ, ભૌતિક સુખોને પંપાળ્યા કરે પણ આત્મોત્સર્ગ કરે નહીં. આ બધી દોડ, ઉદ્‌વેગ અને બીજાં દૂષણો સાચાખોટાની પરખ પણ રહેવા દે નહિ. પ્રેરણા આપે તેવા, માર્ગદર્શન આપે તેવા, વેદાંતનું આચરણ કરાવે તેવા, આધ્યાત્મિક ભંડાર આપે તેવા —આવી બધી ચીજોને ગંગાની જેમ પવિત્ર ધોધરૂપે આપે તેવા ગુરુને ઓળખે નહિ. અજ્ઞાન અને જ્ઞાન, શ્રદ્ધા અને અંધશ્રદ્ધા, પારકા અને પોતાના વચ્ચે એક પડળ છે. એ પડળનું ફાટવું એટલે ગુરુની પ્રસાદી પ્રાપ્ત થવી. ગુરુ પ્રાપ્ત થાય એટલે જ્ઞાનરૂપી પ્રકાશ મળે, ત્યારે મનુષ્ય એમ માનતો થઈ જાય કે અંધશ્રદ્ધા એ પિત્તળમાં જડેલ કાચના ટુકડા જેવી છે, શ્રદ્ધા કોહીનૂરની જેમ અસલ અને પ્રકાશમય છે, ગુરુ પોતાના છે. સાચા ખોટાની પરખ થાય.

પ્રત્યેક મુમુક્ષુને જ્ઞાનથી માર્ગદર્શન આપનારની જરૂર પડે છે. એ સાક્ષાત્કાર ગુરુ જ કરાવી શકે. પરમેશ્વર એ હૃદયમાં અંકિત મૂર્તિ છે, પણ ચક્ષુ સમક્ષ તેનો સાક્ષાત્કાર કરવો હોય તો તે એક જ વ્યક્તિમાં —પોતાના પૂજ્ય ગુરુજીમાં — જોવા—અનુભવવા મળે. એઓ માનવ અને પરમેશ્વર, જગત અને ઈશ્વર, આંતરિક અને બાહ્ય અસ્તિત્વ વચ્ચેની કડી છે. એ ખુદ પોતે જ ઈશ્વર છે. બંને ક્ષિતિજોની વચ્ચે સાક્ષાત્કારરૂપે ફરી શકનાર અમરત્વ છે, શાશ્વત આનંદના સામ્રાજ્યમાં પ્રવેશવા માટેનો મુખ્ય દરવાજો છે. ગુરુ ગોતવાથી મળતા નથી. એ પામવા માટેય પરમેશ્વરની પ્રસાદી-આશિષ મળે તો જ મળે છે. રિદ્ધિસિદ્ધિના ભંડાર સમા ગુરુની સ્વયં બ્રહ્મ સ્વરૂપ મૂર્તિ જ કહેવાય. ગુરુ પ્રથા,

પ્રણાલિકા, જાત, ભાત, વર્ણનો બાધ રાખતા નથી. એ પોતે જ નિર્બંધ છે. શિષ્યોને સ્વરૂપદર્શન કરાવતા નથી. એ તો શિષ્યોને પોતાની સિદ્ધિઓ દ્વારા આત્મસ્વરૂપનાં દર્શન કરાવે છે. એ તો શિષ્યને એ સમજાવે છે કે જીવનમાં શ્રેષ્ઠત્વ પામવા તમે મને નહીં, મારા દર્શાવેલ ધ્યેય, રસ્તા, તત્ત્વોને પૂજો. મૂર્તિપૂજા આત્મસાધનાની શરૂઆત છે. અંતપૂજા તો બ્રહ્મત્વથી થાય છે. એ એનું આગલું પગલું છે, સ્થાન છે. સદ્‌ગુરુ એટલે જ સ્વયં બ્રહ્મ છે. શિષ્ય જો ગુરુને સમજી શકે નહિ તો મૂર્તિપૂજાથી આગળ વધી શકે નહીં, ગુરુજીએ જ ચીંધેલા માર્ગ દ્વારા સર્વસ્વને પામી શકે નહિ. આત્મારૂપી નાવના ખરા નાવિક તો એ જ છે. એ શિષ્યને સમુદ્રની ઊંડાઈ અને તત્ત્વનું કહેવા ઇચ્છતા હોય ત્યારે શિષ્યને તેમના હાથમાં રહેલ હલેસાં દેખાય. તેનાથી તરવાની શક્તિ અને આગળ વધવાની કુશળતા દેખાય નહિ. ગુરુ પ્રત્યે પૂજ્યભાવ રાખશો, તેમની ભક્તિ કરવી પણ તેમને આપણા અંધશ્રદ્ધાના વમળમાં જકડી ન રાખવા. ગુરુ તો તમારી મુક્તિનો રસ્તો બતાવતા હોય છે. એ તમને સ્વતંત્ર કરવા ઇચ્છે અને તમે પરતંત્ર થતા જાવ એમ ન કરવું; કારણ ગુરુ ઈશ્વર છે, સ્વયંપ્રકાશ પામવા માટેનો સત્સંગીય બોધ છે, આધ્યાત્મિક શિક્ષણ માટેની શ્રેષ્ઠ નિશાળ છે. અરે! ઈશ્વરની જ પ્રાપ્તતા માટેનું મનુષ્ય સ્વરૂપે દિવ્ય સ્વરૂપ છે.

તો આમ ગુરુ આપણા માટે પ્રથમ અને છેલ્લું મહત્ત્વનું સ્થાન છે, બીજા બધા ગૌણ. એક આત્મા જ પરમાત્માને જોઈ શકે, પરમાત્મા જ આત્માને પ્રકાશમય બનાવી શકે.

જીવનથી—મૂળથી અંત સુધીના પ્રવાસમાં જો ગુરુ ન હોય તો નકશા વગર ભટકતા મુસાફર જેવી સ્થિતિ થાય. રસ્તામાં કેટલાય વિવેચનરૂપી રસ્તા, શાસ્ત્રોની વનરાઈઓ, ઘનઘોર વેદાંતો આવે. પ્રકાશ ન હોય તો એવું જ દેખાય ને? ગૂઢ અર્થો. ગુપ્ત સ્પષ્ટીકરણો, વણઉકેલ્યા ઉલ્લેખોને કોણ સમજાવે? ગુરુ. એથી ગુરુની આવશ્યકતા છે. આપણે આપણી ભૂલોને ક્યાં જોઈએ છીએ? એ તો ગુરુ બતાવે. વાતાવરણ હમેશાં ચોખ્ખું જ હોય છે; પણ ગુરુ દ્વારા આપણી દૃષ્ટિ ચોખ્ખી થાય તો સારું ભાસે ને? ગુરુજ્ઞાનથી પૂર્ણતા પ્રાપ્ત કરવાની છે. આપણામાં અપૂર્ણતા થાય અથવા રહી જાય તો ગુરુને સમજવાની આપણી

અશક્તિઓ દેખાય છે. અંધશ્રદ્ધાથી તો આપણી સ્વચ્છ દૃષ્ટિ ઝાંખી થતી જાય. ગુરુનાં શિષ્ય માટેના સખત પરિશ્રમ અને આસ્થાને ઝાંખાં પાડવા જેવું થાય. પરમાનંદ પામવા માટેના મુખ્ય દ્વાર સમા ગુરુજીના દર્શાવેલ રસ્તે ચાલ્યા વગર આપણે ફક્ત મુખ્ય દ્વારને જ અડીને ઊભા રહીએ તો પ્રગતિ કેમ થાય? ગુરુ આપણને આંગળી ચીંધીને માર્ગ બતાવે ત્યારે આપણે ફક્ત એમની આંગળી જોયા કરીએ તો ધ્યેય તરફ પ્રયાણ ક્યારે થાય? ગુરું આપણને આવા રસ્તા બતાવવા તેમના અને બીજાના તેમની પ્રત્યેના અનુભવો કહેતા હોય. એ સારો માર્ગ સૂચવે પણ આપણે એમાંથી માર્ગદર્શન ન મેળવીએ. એવો પ્રસંગ આપણા જીવનમાં આવે તેવું વ્યર્થ ઇચ્છીએ. આપણે તો પાઠ ભણવાનો છે. પાઠના અનુભવ થતાં સુધીની રાહ જોવાની નથી. ગુરુ રસ્તો બતાવે એટલે આપણે એ રસ્તા ઉપર જવા માટે તૈયારી કરવાની હોય છે માનસિક તેમજ શારીરિક. પ્રવાસમાં જરૂરી સામગ્રીઓ માટે પરિશ્રમ કરવાનો છે; જ્ઞાન મેળવવું છે, સિંચન થયા પછી લાગીએ પોતે આગળ વધવાનું છે. ગુરુએ ચીંધેલ રસ્તે આપણે આગળ વધવાનું છે, એમને સાથે ઘસડવાના નથી. એ તો આપણા આત્મામાં પ્રેરણારૂપે બિરાજેલ છે. પ્રવાસનાં સાધનો, અનુભવનું ભાથું. સારા વાચનથી શુદ્ધ બુદ્ધિએ બધી તૈયારી તો આપણે કરવાની છે. ગુરુ અગાશી ઉપર ચઢવા માટે સીડી બતાવે, એ સીડી આપણે ચઢવાની ને ઉપર પહોંચવાનું. સીડીને ઉપર લઈ જવાય નહિ. એ તો માધ્યમ છે.

આમ ગુરુ આપણને કાયમ પ્રસાદી આપતા જ રહે. આપણે તેને સાંભળીને માથું હલાવીને બેસી રહેવાનું નથી; એમાંથી શીખવાનું છે. એ શીખવા માટે જ્ઞાન ભેગું કરવાનું છે. બીજા સારા અનુભવીઓનાં આચરણોને વાંચવાનાં છે. આપણો સ્તર મજબૂત બનાવવાનો છે. ગુરુભક્તિ એ લોભભક્તિ કે ક્ષોભભક્તિ નથી; એ તો પ્રેમભક્તિ છે. એ પ્રેમથી સારું શું તે બતાવે છે. તે આપણે પામવાનું છે. મન મોકળું કરીને બધું સારું ગ્રહીને અપનાવવાનું છે. મન સંકુચિત રાખવાનું નથી.

પૂ. ગુરુજીનાં આવાં દૃષ્ટાંતો દ્વારા સિંચન કરવાનું છે, તેથી આ પુસ્તક "મારા ગુરુદેવ" આપ સમક્ષ રજૂ કરીએ છીએ.

—રમેશ ત્રિવેદી




क्लेश, कर्म, कर्मों के फल और वासनाओं से विमुक्त अैसा विशेष चेतन (वेही अेक मात्र) अीश्वर हैं। अीश्वर संपूर्ण सर्वज्ञ हैं। अीश्वर त्रिकालिन गुरुओं के भी गुरु हैं; काल से अुन का छेदन-भेदन नहीं हो सकता। अीश्वर का नाम प्रणव (ओम् = ॐ) है। ओम् का मार्थक जप करने से आत्मसाक्षात्कार होता है और अन्तरायों का अभाव हो जाता है।



પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

# ગિરનાર–સિદ્ધ–દર્શન અને અઘોરી!

ધર્મમેઘમાં સાંજની સત્સંગ–ગોષ્ઠિમાં એક જિજ્ઞાસુએ પૂ. ગુરુદેવ યોગભિક્ષુજીને પૂછ્યું કે પહેલાં આપ દર ગુરુપૂર્ણિમાએ ગિરનાર જતા. ત્યાંનો કોઈ અલૌકિક, પ્રેરક પ્રસંગ સાંભળવાની અમારી સૌની ઇચ્છા છે. તે સાંભળવા અને જાણવા અમે સૌ ઘણા વખતથી આતુર છીએ.

ઉપરોક્ત પ્રશ્ન સાંભળીને પૂ.શ્રી ઘડીક તો મુખ મરકાવતા, બંધ નેત્રે મૌન બેસી રહ્યા. પછી બંધ નેત્રે જ વાણીગંગા વહેતી કરી—

"અરે ભાઈ! પ્રશ્નો કરવા સાવ સહેલા છે. પછી તે પ્રમાણેનું વર્તન કે તેને જીવનમાં પચાવવાની વાત તો બાજુ ઉપર રહી પણ પોતે જે પ્રશ્ન કર્યો હોય તે પૂરો સાંભળવાની પૂરી ધીરજ પણ પ્રશ્નકર્તામાં નથી હોતી! પણ તમો તો સૌ ધૈર્યવાળા છો તો સાંભળો—

દર ગુરુપૂર્ણિમાએ ગિરનાર જવાની પ્રેરણા અમને કઈ રીતે થઈ તે મૂળ વાતથી શરૂઆત કરું. એક અનુભવી ધાર્મિક વ્યક્તિએ જે વાત અમને કહેલી તેનો સાર કહું છું—

જૂનાગઢના એક ફોજદાર કે જે પાછળથી મૂંડિયા સ્વામીના નામે પ્રખ્યાત થઈ ગયેલા, તેઓ દર ગુરુપૂર્ણિમાએ સાંજે ગિરનારના કમંડલકુંડે પહોંચી જતા. કોઈ સિદ્ધ પુરુષના આવવાની રાહ જોઈને, બાલ્ટી અને દોરડું લઈને કુંડ ઉપર બેસી રહેતા. તેમણે સાંભળેલું કે ગિરનારના

સિદ્ધો દર ગુરુપૂર્ણિમાએ પોતપોતાના સ્થાનમાંથી નીકળી દત્તની ટૂંક ઉપર, દત્તચરણનાં દર્શને જાય છે. જતાં પહેલાં કમંડલકુંડે સ્નાન માટે આવે છે. તે વખતે પોતે ત્યાં હાજર હોય તો સિદ્ધને સ્નાન માટે પાણી કાઢી આપવાની સેવા કરી શકે અને આશિષ પ્રાપ્ત કરી શકે. આવી આશાએ ફોજદાર સાહેબ દર ગુરુપૂર્ણિમાએ ત્યાં હાજર રહેતા.

દિવસના ભાગમાં તો સંસારીઓ દત્તચરણનાં દર્શને ઉપર જતા હોય. સાધુસંતો તો ઉપર જવા માટે સાંજ પછીનો સમય પસંદ કરે. સિદ્ધપુરુષો પણ સંધ્યા પછી જ ઉપર ચડે. ચડતાં પહેલાં સ્નાન માટે કમંડલકુંડે આવે. જે જે સાધુસંતો કમંડલકુંડે સ્નાન માટે આવે તે સૌને આ ભાઈ પાણી કાઢી આપે. તેમના મનમાં એવી ખાતરી કે આ સાધુસંતોમાં છૂપા વેશે કોઈ ને કોઈ સિદ્ધ આવી જ જવાના. સંતો સ્નાનથી પરવારીને પ્રસન્ન થઈને પૂછે કે તમારે શું જોઈએ છે ત્યારે આ ભાઈ શ્રી દત્તનાં દર્શનની જ માગણી કરે. ત્યારે જવાબ મળે કે ધીરજ રાખો, જરૂર દર્શન થશે. છેવટે આ ભાઈની ધીરજ ખૂટી ગઈ. તેથી એક વાર સંત સ્નાન કરીને આગળ વધ્યા એટલે પોતે પણ તેમની પાછળ ચાલી નીકળ્યા. થોડે દૂર ગયા પછી સંતને ખબર પડી કે આ ભાઈ પાછળ આવી રહ્યા છે. તેથી તેમણે તેમને જે જોઈએ તે માંગી લઈ ને પાછા વળી જવાનું કહ્યું. પણ આ ભાઈએ તો શ્રી દત્તનાં જ દર્શન કરવાની રઢ પકડી રાખી. આ ભાઈ ઉપર સિદ્ધકૃપા ઊતરી. તેમને સિદ્ધ જોડે જવાની સ્વીકૃતિ મળી ગઈ. ઘણે આગળ એક ગુફા આવી. આ ભાઈને બહાર ઊભા રાખીને સિદ્ધ આ ગુફામાં ગયા અને દત્ત ભગવાનનું પૂજનઅર્ચન કર્યા પછી તેમને

વિનંતી કરી કે મારી સાથે એક સંસારી ભાઈ આવ્યા છે. તેને આપનાં દર્શનની ખૂબ ઇચ્છા છે. આપ સ્વીકૃતિ આપો તો અંદર લાવું. જવાબ મળ્યો કે લાવો, પણ દર્શન થશે નહીં. તે ભાઈને અંદર લાવવામાં આવ્યા અને કહ્યું કે આ સામે દત્ત ભગવાન બિરાજમાન છે તેમનાં દર્શન કરો. આ ભાઈને દત્તગુરુ દેખાય નહીં કારણ કે તેમનાં અમુક કર્મબંધનો આવરણરૂપ હતાં. પછી સૌ સંતસિદ્ધોએ એવો નિર્ણય કર્યો કે તે ભાઈએ અમુક સમય સુધી અમુક સાધના કરીને પછી આવવું. તે પ્રમાણે કરીને આવ્યા તો ગુરુદેવ દત્તનાં દર્શન થયાં અને આશિષ મળી અને પ્રસાદીમાં એક અક્ષયરૂમાલ મળ્યો.

ફોજદાર સાહેબ જૂનાગઢ આવીને નોકરીમાંથી છૂટા થઈ ગયા. માથે મૂંડો કરાવી નાખ્યો. તેથી તેમને સૌ મૂંડિયા સ્વામી કહેવા લાગ્યા. તેઓ જ્યારે જ્યારે સાધુસંતોના ભંડારા કરતા ત્યારે ઘણી થોડી રસોઈ ઉપર આ પ્રસાદીનો અક્ષયરૂમાલ ઢાંકી રાખતા. તેથી રસોઈ ખૂટતી જ નહીં. જ્યારે ખબર પડે કે બધાંએ જમી લીધું છે ત્યારે આ રૂમાલ લઈ લેતા.

સંધ્યા પછી "સિદ્ધો" જ્યારે ઉપર ચડતા હોય (કમંડલુ-કુંડથી દત્તની ટૂંક સુધી) ત્યારે અમુક અઘોરી અમુક અંતરે વાઘનું સ્વરૂપ લઈને બેઠા હોય કે જેથી તે વખતે જો કોઈ સંસારી ઉપર આવવાની હિંમત કરે તો વાઘને જોઈને પાછો ભાગી જાય. વચ્ચે કોઈ વાઘ દેખાય અને તેના પગમાં જો કડું હોય તો સમજવું કે અઘોરી વાઘના સ્વરૂપે છે. સાચા વાઘના પગમાં કડું ન હોય. કડું પહેરેલો અઘોરી વાઘ હોય તો અમુક મંત્ર બોલીએ એટલે તે તુરત જ અઘોરીના સ્વરૂપમાં આવી જાય.

તે મંત્ર પણ મને તે અનુભવી ભાઈએ કહેલો જે અત્યારે મને યાદ નથી. જોકે ગિરનારયાત્રા દરમિયાન સાચા વાઘનાં કે અઘોરી વાઘનાં મને ક્યાંય દર્શન થયાં નથી. ચારેક વર્ષ પહેલાં ગિરનારની પ્રદક્ષિણા કરેલી ત્યારે પણ કોઈ હિંસક પ્રાણી દેખાયેલું નહીં.

ગિરનારની ગુરુપૂર્ણિમા વિષેની બીજી પણ ઘણી વાતો સાંભળેલી. આવાં બધાં કારણોસર મેં પણ દર ગુરુપૂર્ણિમાએ ગિરનાર જવાનું શરૂ કર્યું.

અહીંથી હવે મારા અનુભવોની વાત શરૂ થાય છે.

તે વખતે અમે મુંબઈ રહેતા. મુંબઈથી સીધો જૂનાગઢ જાઉં. ત્યાં અમારા પરમસ્નેહી, પરમપ્રેમી શ્રી લલિતભાઈ મહેતા અને જયાબહેન મહેતાના ત્યાં ઉતારો કરું. પહેલા વર્ષે તો જયાબહેન અને બે વિદ્યાર્થી મારી સાથે ભોમિયા તરીકે આવ્યાં. શહેરમાંથી ચાલતાં ચાલતાં તળેટીમાં ગયાં. "અડીકડી વાવ અને નવઘણ કૂવો, જે ન જુએ તે જીવતાં મૂવો" તે પણ જોયાં. બીજું પણ જોવાલાયક બધું જોયું. ઉપર પણ ખૂબ ફર્યાં. સાતપૂડાનું પાણી પીધું, ભરતવન અને શેષાવનમાં પણ ફર્યાં. સાંજે ગિરનાર ઊતરી ગયાં. ચાલીને જ ઘરે પહોંચી ગયાં. પગ તો ચીંથરા જેવા થઈ ગયેલા. પગની પિંડીઓ તો વગર કારણે થરથર થરથર કંપ્યા કરે. હું તો ઘરે પહોંચીને સૂઈ ગયો પણ જયાબહેનને તો ઘરનું બધું જ કામકાજ કરવાનું અને વળી હું મહેમાન જેવો તેથી મારી રસોઈ પણ બનાવવાની. તેઓ ઘરકામમાં લાગી ગયાં. તેઓ નિશાળમાં નોકરી કરે તેથી બીજે દિવસે કોઈ પ્રસંગને કારણે પ્રભાતફેરીમાં આખું જૂનાગઢ ફરી આવ્યાં. આપણા રામ તો પથારીમાંથી

ઊભા જ થઈ શકે નહીં. દસબાર દહાડે પગનું માંડ ઠેકાણું પડયું. રંગ છે ને જયાબહેનના ખડતલપણાને!

તે વખતે ભરતવનમાં એક બાવાજી જોડે થોડી જીભાજોડી થઈ ગયેલી. તેઓ ખૂબ કોપાયમાન થઈને કહે કે કલ નહીં દેખા હમ કયા કર સકતા હૈ? આગલા દિવસે ધરતીકંપ થયેલો. તેથી પગકેડીઓ ઉપર મોટા ડુંગરો જેવડા પથ્થરો ધસી આવેલા.

અમે તો સિદ્ધદર્શન માટે ગિરનાર જતા હતા. કમંડલુ-(કમંડલુના આકાર જેવો) કુંડે તો રાત્રે રહી શકાય તેમ નહોતું. તેથી અમે દત્તની ટૂક ઉપર જ રાત્રિ રોકાવાનો નિર્ણય કરેલો. આપણે જો કમંડલુકુંડે હોઈએ અને સિદ્ધ સ્નાન કર્યાં વિના જ સીધા ઉપર ચાલ્યા જાય તો આપણને દર્શન કયાંથી થાય? દત્તટૂકે બેસવાથી બંને ફાયદા. પણ દત્તટૂકે રાત્રે રહેવું કઈ રીતે? જે સંતો પૂજાતર્પણ વગેરે કરાવવા દત્તટૂકે હાજર હોય તે પણ છ–સાડા છએ કમંડલુએ નીચે પાછા આવી જાય. છ વાગ્યા પછી તો કમંડલુની હદથી આગળ વધવાની સખ્ત મનાઈ. કમંડલુના અધિકારી સંતો, ઉપર રહેવાની મંજૂરી આપે જ નહીં. અને તો શું કરવું?

બીજી વાર ગયા ત્યારે અમે કમંડલુએ સરસામાન મૂકયો અને સાંજની રાહ જોવા લાગ્યા. આ જગ્યાને દત્તનો ધૂણો પણ કહે છે. અહીં પ્રવેશતાં જમણી બાજુએ એક બારણું છે, જ્યાં સદા તાળું લાગેલું રહે છે. તેમાં થઈને ઘણે નીચે જઈએ ત્યારે અસલ કમંડલુકુંડ આવે છે. એ બાજુનાં બધાં પગથિયાં ખંડિત થઈ ગયેલાં છે અને તે

બાજુની જગ્યા બધી અગોચર હોવાથી, સલામતીની દૃષ્ટિએ સામાન્ય માણસોને ત્યાં જવા દેવામાં આવતાં નથી.

દત્તટૂકના પૂજારીને નીચે ઊતરવાનો સમય થયો ત્યારે અમે ઉપર ચડવાની શરૂઆત કરી.

વચ્ચે એક ધૂણી આવે છે. ત્યાં થોડું રોકાઈને દત્તટૂકે પહોંચી ગયા. પથ્થરના ચાર મજબૂત થાંભલાની છત્રી, એક લટકતો ઘંટ, ફરતે નાની દીવાલના કોટ જેવું અને છત્રીમાં વચ્ચે દત્તગુરુનાં પગલાં. આ દત્તની ટૂક ઉપર પહોંચ્યાં ત્યાં ખાસ્સાં પલળી ગયા હતા. વરસાદ ઝરમર ઝરમર વરસતો હતો અને વાદળાં અમારી આરપાર થઈને નીકળી જતાં હતાં. કપડાં નિચોવીને અમે પગલાં પાસે બેઠા. મારી સાથે એક વિદ્યાર્થી પણ હતો. એ સિવાય કોઈ ન મળે. સૂમસામ. ચારે બાજુથી પવનની કારમી સિસોટીઓ સંભળાય. વચ્ચે ક્યારેક પવનનો સુસવાટો સંભળાય તો ક્યારેક વીજળીનો તેજલિસોટો દેખાય. એમ લાગે કે જાણે હમણાં નીચેથી કોઈ બલા આવીને ગળું પકડશે કે ઉપરથી કોઈ જ્વાલા ત્રાટકીને માથું ફાડી નાખશે. એવા ભયભીત વાતાવરણની વચ્ચે માળા કાઢીને ગાયત્રીના જપ કરવાની શરૂઆત કરી. ઠંડી અને પવનના સુસવાટાના કારણે હાથપગ કંપવા લાગ્યા હતા અને દાંતની કડકડાટી બોલતી હતી. સાથે આવેલા ભાઈ દીવાલ સાથે જોરથી વાંસો દબાવીને બેસી ગયા હતા. માળા સરકતી જતી હતી, જપ થયે જતા હતા, સમય પસાર થઈ રહ્યો હતો. ત્યાં પગરવ સંભળાયો. અમારા કાન સતેજ થઈ ગયા. અવાજ તરફ ધ્યાન સ્થિર થઈ ગયું. પગથિયા બાજુથી એક ભાઈ આવ્યા. અમને નમસ્કાર કરીને

કહેવા લાગ્યા કે બાપજી, રાત્રે અહીં રહેવાની મનાઈ છે. આપ નીચે ધૂણે પધારો. ત્યાં બધી સગવડ કરી આપીશું. અમને નીચે ધૂણે લઈ જવાનો બનતો બધો પ્રયત્ન કરીને તે ભાઈ પાછા ચાલ્યા ગયા. પાછું એ જ સૂમસામ ભયાનક બિહામણું વાતાવરણ. અમારા જપ શરૂ થઈ ગયા. વાદળાંઓમાં ચંદ્રમા સંતાકૂકડી રમતા હતા. ઘડીકમાં સ્થૂળ પદાર્થો આછા આછા દેખાય અને ઘડીમાં ગાઢ અંધારું. આમ લગભગ બે કલાક પસાર થઈ ગયા. ત્યાં ઓચિંતો જ પેલો વિદ્યાર્થી ઓ...બા...! કરીને મને બાઝી પડચો. મારા હૃદયે પણ ચાર ઘણો વેગ પકડી લીધો; કારણ કે અમારી સામે જ, બાજુની દીવાલ પરથી એક અઘોરી, હૂક કરતોને પડચો-કૂદ્યો અને જોરજોરથી બોલવા લાગ્યો કે તુમ ક્યા સમજતા હૈ? ક્યોં નીચે ચલા નહીં જાતા? આદમીકો ભેજા તો ઉસકા માના નહીં, ક્યા સમજતા હૈ? વગેરે વગેરે. આમ બોલતી વખતે તેના હાથમાંનો ચીપિયો ખખડાવતો જાય – ઉલાળતો જાય. જાણે હમણાં માર્યો કે મારશે. તેના મુખમાંથી ગાંજાની વાસનો તો જાણે ફુવારો છૂટચો! કમર ઉપર સાવ નાનું વ્યાઘ્રચર્મ. સાવ દૂબળો. લથડિયાં ખાય. ગુસ્સામાં દોડતો દોડતો નીચેથી ઉપર ચડેલો હશે એટલે શ્વાસની તો ધમણ ચાલે. તે બોલતો રહ્યો, હું સાંભળતો રહ્યો. તે કહે કે હમ યોગિયોંકે સામને તુમ્હારા હઠ નહીં ચલેગા. પછી થોડી વાર શ્વાસ લેવા તે થંભ્યો. એટલે અમે ચલાવ્યું કે હમ તો ઇધર જપ કરનેકો આયા હૈ, સુબહ તક યહાં જપ કરનેકા હમારા સંકલ્પ હૈ, તુમ બડબડ કરકે હમકો વિઘ્ન કરતા હૈ. તુમ્હારે પાસ સિર્ફ એક યોગીહઠ હૈ પર હમારે પાસ તો બ્રહ્મહઠ, યોગીહઠ ઔર બાલહઠ

તીન હઠ હૈં. તુમકો જવાબ દેનેમેં હમારા જપભંગ હોતા હૈ. હમ ઈશ્વરસે જપ પૂરા કિયે બિના હઠનેકા નહીં. તુમકો જો ભી કરના હો સો કર લો. તુમ હમકો મારેગા યા ધક્કા દેગા તો પ્રતિકાર ભી નહીં કરેગા. બસ અબ હમ નહીં બોલેગા. આટલું સાંભળીને તે વધુ ઢીલો પડી ગયો. તેને લાગ્યું કે સામે લોઢાના ચણા છે. દસ મિનિટ ચૂપ બેસી રહ્યો. પછી કહેવા લાગ્યો કે બેટા, અહીં બેસવાથી શો ફાયદો છે? અહીં દત્તનાં પગલાં છે તો નીચે દત્તનો ધૂણો છે. તું નીચે ધૂણે બેસીને જપ કર. છ મહિના રહેવું હોય તો છ મહિનાની બધી વ્યવસ્થા કરી આપું. અહીં બેસીને જપ કરવાનો તારો જે સંકલ્પ છે તે પૂરો ન થવાથી જે પાપ લાગશે તે બધું મારા ઉપર. અહીં તો ઠંડીના કારણે તારું શરીર સાવ ખોટું પડી જશે. તું જે કામ માટે આવ્યો છે તે (સિદ્ધદર્શનનું કામ) પણ પછી કેમ પૂરું થશે? માટે મારી વિનંતી માનીને નીચે ચાલ.

એટલા સમયમાં તો હાથપગનાં આંગળાંનાં ટેરવાં ખોટાં પડવા લાગ્યાં હતાં. તેથી તેની વાત મને વિચારવા જેવી લાગી. માનભેર નીચે ચાલ્યા જવાનું તેનું કહેવાનું વાજબી લાગ્યું. મનમાં નક્કી કર્યું કે બીજી વખત ટાઢ માટેની પૂર્ણ તૈયારી કરીને આવવું. તેથી તેની જોડે નીચે ઊતરી ગયો. અડધી રાત થઈ ગઈ હતી. વરસાદ અને તોફાનનો કોઈ પાર નહોતો. ગાદી સ્થાનમાં ત્રણેક નાગા સંતો (એક પણ વસ્ત્ર નહીં) વચ્ચે તાપણી કરીને તાપતા હતા. મને એક ઓરડી કાઢી આપી. ચારે બાજુ પાણી પાણી, પગ મૂકવાની ખાલી જગ્યા નહીં. બે ડબા મૂકી અને તે પર પાટિયું મૂકીને મને બેસવાનું આસન બનાવી આપ્યું. નાગા સંતો ચલમો પીતા હતા તેથી મને પણ પીવા

માટે આમંત્રણ આપ્યું, પણ મેં હાથ જોડીને ના પાડી અને મારા સ્થાને પાટિયાના આસને જઈને સૂઈ ગયો. વહેલી પડે સવાર. સવારે ઊઠીને મુંબઈ ભેગો થઈ ગયો.

આ વખતે સંપૂર્ણ તૈયારી કરીને મુંબઈથી નીકળ્યો. ગરમ કપડાં, રેઈનકોટ, રેઈનટોપી સાથે લીધાં. ગિરનાર ચડવાની શરૂઆત કરી. વરસાદ ચાલુ હતો. પગથિયાંની પહોળાઈને આવરી લેતો પાણીનો ધોધ ઉપરથી નીચે ધસમસી રહ્યો હતો. પાણીની સપાટીને કારણે પગથિયાં દેખાતાં ન હતાં. પાણીનો વેગ એટલો જોરદાર હતો કે પગલું ભરવા માટે ઉપાડેલો પગ પાછો પડતો હતો. પાણીના પ્રવાહમાં ઢગલાબંધ પાકાં ગુંદાં વહ્યે જતાં હતાં પ્રવાહમાં ચારે બાજુ ચમકતી સોનેરી કણીઓ પથરાયેલી હતી. અમે દૃઢતાપૂર્વક ઉપર ને ઉપર પગલાં ચડયે જતા હતા. કમંડલુકુંડ પહોંચી ગયો. ત્યાંનાં સ્થાયી માણસો મને જોઈને આપસમાં ઈશારાથી વાતો કરવા લાગ્યાં કે પેલો મુંબઈવાળો છોકરો આવી ગયો. હું ગાદીપતિ પાસે ગયો. મહાપુરુષાય નમઃ કર્યાં, પછી કહ્યું કે મારે દત્તટૂકે રાત્રે જપમાં બેસવું છે. તેઓ કહે કે અચ્છા, તારે જે જરૂરત હોય તે અહીંથી સાથે લેતો જજે. પછી હું ટૂકે પહોંચી ગયો. માણસોની જબરજસ્ત ભીડ હતી. ઉપરનો પૂજારી મને જોઈને કચકચ કરવા લાગ્યો. હું પાછો ગાદીપતિ પાસે કમંડલુકુંડે આવ્યો. ગાદીપતિને પૂજારીની વાત કરી. તો તેઓ ખિજાઈને કહેવા લાગ્યા કે એ કયો ગધેડો છે? તેને મારી પાસે લાવો. ખૂબ માનવપ્રવાહ હતો. સંધ્યાની રાહ જોતો હું સમય પસાર કરવા લાગ્યો.

માનવપ્રવાહ સંપૂર્ણ બંધ થઈ ગયો. અંધારું ઊતરવા

લાગ્યું. મેં ઉપર ચડવાની શરૂઆત કરી. દત્તધૂણેથી ઉપર દત્તચરણે જતાં વચ્ચે એક નાની ધૂણી હતી. તેથી થોડે ઉપર પગથિયાં વળાંક લે છે પછી તુરત જ દત્તચરણવાળી છત્રી આવે છે જે દત્તની ટૂકના નામે ઓળખાય છે. હું બરાબર તે વળાંકે પહોંચ્યો કે બે વ્યક્તિઓ તે વળાંકે નીચે ઊતરતી મને સામે મળી. તેમણે માથે ફાળિયું બાંધ્યું હતું. શરીરે કસોવાળું કેડિયું પહેર્યું હતું અને નીચે ચોયણો પહેર્યો હતો, જેને પગના કાંડા પાસે બોરિયાથી બંધ કરેલો હતો. તેમને જોઈને હું વિચારમાં પડી ગયો. આટલા મોડા મોડા આ લોકો કોણ હશે? અહીં તો રહેવાની મનાઈ છે છતાં આ લોકો અહીં ક્યાંથી? શા માટે? હશે કોઈ મારા જેવા ધૂની–એમ વિચારીને સમાધાન કર્યું. અમે બરાબર આમનેસામનેથી પસાર થયા એટલે તેમાંથી એક ભાઈ બીજાને સંબોધીને મારી સામે હાથ લંબાવીને બોલ્યા–

"મામા, આ બાપુ તો ઉપર જાય છે તો આપણે પણ ઉપર પાછા જઈએ."

તેઓ બંને મારી પાછળ પાછળ ઉપર આવવા લાગ્યા. હું ઉપર પહોંચીને દત્તછત્રીમાં દત્તચરણ સન્મુખ બેઠો. તેઓ બંને પણ કોટની દીવાલને અઢેલીને બેઠા. મેં શ્રીફળ વધેર્યું. પાંચ શેષો ચરણ પાસે મૂકી. ટોપરાની પ્રસાદી તે ભાઈઓને પણ આપી. તેઓ થોડી થોડી વારે માથાના ફાળિયાને કાઢીને નિચોવતા હતા અને પછી તેનાથી જ વરસાદથી ભીંજાતા શરીરને લૂછતા હતા. મેં હજુ જપની શરૂઆત નહોતી કરી. આ બંને ભાઈઓના ચાલ્યા જવાની

હું રાહ જોતો હતો. મારી નજર હસ્તચરણુ ઉપર હતી. ત્યાં એક ઉંદરડી ટોપરું ખાતી હતી. તેને જોઈને હું પરમાત્માના મહિમાને વાગોળતો હતો કે અહીં પણ જીવ જીવી રહ્યો છે અને ખોરાક મેળવી રહ્યો છે.

મારી ધીરજ છેવટે ખૂટી એટલે મેં તેઓને કહ્યું કે ભગતો, હવે તમારે નીચે જવું હોય તો જાઓ; બહુ વેળા થઈ ગઈ છે.... તેઓ કહે–

"બાપુ! અમારે ઉતાવળ નથી. તમે અહીં રહેશો ત્યાં સુધી અમેય રહીશું."

મેં કહ્યું: "હું તો સવાર સુધી અહીં રોકાવાનો છું."

તેઓ કહે: "તો અમે પણ સવાર સુધી રોકાઈશું."

મેં પૂછ્યું: "કયું ગામ?"

તેઓ બે અક્ષરનું કોઈ નામ બોલ્યા જે મને અત્યારે યાદ નથી. ખૂબ દૂર અને ઊંડે ઊંડેથી કૂતરાના ભસવાનો અવાજ સંભળાયો.

અમે ચારપાંચ વાગ્યા સુધી બેઠા. હું જપ કરતો અને તેઓ અવારનવાર માથાના ફાળિયાથી શરીર લૂછતા હતા. મેં નીચે ઊતરવાની તૈયારી કરી એટલે તેઓ પણ મારી જોડે ઊતરવા લાગ્યા. વચ્ચેની ધૂણી પાસે પહોંચ્યા એટલે તેઓ કહે–

"બાપુ! ટાઢ બહુ વાય છે, ઘડીક તાપશું?"

મેં કહ્યું.: "તાપવું તો ઘણુંયે છે પણ તાપણું લાવવું ક્યાંથી?"

તેઓ : " આ ધૂણીમાં ખોટારવા હશે. હમણાં તાપણું કરીએ."

એક ભાઈ આજુબાજુમાંથી કીટિયા વીણી આવ્યા અને બીજા ભાઈએ ધૂણીની રખિયા ફૂંફોળીને ખોટારવા કાઢયાં અને તેના ઉપર કીટિયા માંડચા મૂકવા. થયો ભડકો. સૌ ખૂબ તાપ્યા. મારી ટાઢ બરોબર ઊડી ગઈ એટલે મેં કહ્યું—

"ચાલો હવે નીચે ઊતરી જઈએ."

તેઓ : " બાપુ, તમારે જાવું હોય તો જાવ, અમે તો હજુ તાપશું."

તેઓ તાપતા રહ્યા અને હું કમંડલુકુંડે આવી ગયો. ત્યાંથી નીચે ઊતરીને મુંબઈ તરફ રવાના થઈ ગયો.

મુંબઈ પહોંચ્યા પછી ચાર–છ મહિને આ પ્રસંગને વાગોળવાની શરૂઆત થઈ–હું ઉપર ચડતો હતો ત્યારે તેઓ નીચે ઊતરતા હતા તો તે વખતે તેઓ ઉપર ક્યાંથી આવ્યા? ધૂણી તાપતી વખતે તેઓ તો મારી સાથે નીચે ન ઊતર્યા પણ ત્યાં જ બેસી રહ્યા કેમ? જેમનાં દર્શન માટે કેટલાંય વર્ષોથી હું ભીષણ પ્રયત્ન કરી રહ્યો છું તે તો આ નહીં હોય? વગેરે વગેરે."

એક વખત સાણંદ ઠાકોર સાહેબ જોડે આ પ્રસંગની વાત કરતાં તેમણે કહ્યું કે તમે તો મહાભાગ્યશાળી છો. તમને સિદ્ધદર્શન થઈ ગયાં. તેઓ સિદ્ધપુરુષો જ હતા. તમને અંધારામાં રાખીને દર્શન આપી ગયા. મેં કહ્યું કે દર્શન કરતી વખતે જ્યાં સુધી એમ ખબર ન પડે કે આ સિદ્ધો છે, ત્યાં સુધી સંતોષ ન થાય અને ત્યાં સુધી આપણું તપ કાચું–અધૂરું જ કહેવાય.

ગણેશપુરી નિવાસ દરમિયાન આ પ્રસંગની વાતો અમ્મા જોડે થયેલી. તેઓ આ વાતો સાંભળીને ખૂબ રાજી રાજી થઈ ગયેલાં. ફરીને જ્યારે–જ્યારે અમ્માને મળવાનું થયું ત્યારે તેઓ આ પ્રસંગને યાદ કરે જ. કહે કે યોગ-ભિક્ષુજી! પેલી ગિરનારની વાત કહોને! સાંભળવી ખૂબ ગમે છે. એમ થાય છે કે જાણે સાંભળ્યા જ કરીએ.

## ગિરનારની શિવરાત્રી

એક વખત હું અને માધાભાઈ (ખંડેરાવપુરાવાળા) શિવરાત્રીએ ગિરનાર ગયા.

આ વખતે અમારી ઇચ્છા મહાકાળીની ટૂંકે જવાની હતી. એ માર્ગ બિલકુલ બંધ છે. ત્યાં કોઈ જાત્રાળુ જતા નથી કે જવા દેવામાં આવતા નથી.

દત્તધૂણાની જમણી બાજુના બારણામાંથી અમે કમંડલુ-કુંડ બાજુ ઊતરી ગયા. ત્યાંથી મહાકાળીની ટૂંક તરફ ચાલવા લાગ્યા. રસ્તો કે કેડી જેવું કાંઈ ન મળે. હજારો મણના પથ્થરો જ અવળાસવળા ચારે બાજુ વિસ્તરેલા. કોઈની પણ અવરજવર નહીં તેથી પૂછવું પણ કોને? વળી સાંભળેલું કે તે તરફ અઘોરીઓની બીક પણ ખરી. કોઈ જગ્યાએ તો એક પથ્થર ઉપરથી બીજા પથ્થર ઉપર કૂદવું પણ પડે. થોડે થોડે અંતરે સિંદૂરનું આછું ત્રિશૂળ(સિંદૂરનું ત્રિશૂળ હતું કે તીર જેવું નિશાન હતું તે બરાબર યાદ નથી) આવે તે નિશાનીએ નિશાનીએ આગળ વધતા જઈએ.

એક તો તાપ થઈ ગયેલો અને કૂદકા મારવા પડે એટલે તરસ લાગવા માંડી. અમને એમ કે હમણાં પાછા જઈશું ને ! એટલે પાણીનું સાધન સાથે લીધેલું નહીં. ઠેકતા–કૂદતા ચારે પગે થતા જ્યાં ત્રિશૂળ પૂરું થતું હતું ત્યાં પહોંચ્યા. ત્યાં કુદરતી ગુફા જેવું બનેલું હતું. તેથી થોડો ડર પણ લાગ્યો કે રખે અંદર કોઈ હોય અને ગાળો ખાવી પડે ! અંદર કોઈ હતું નહીં. ત્યાં ઘડીક બેઠા. ચારે બાજુ નજર કરી તો ડાકણના વાંસા જેવા અને રાક્ષસના માથા જેવા, ઉબડખાબડ લઘુગુરુ પથ્થરોનો વિરાટ–વિશાળ અનંત સમુદ્ર પથરાયેલો દેખાતો હતો. તરસે ગળામાં શોષ પડવા લાગ્યો હતો. અંદરથી પાણીપાણી પોકાર થતો હતો. તરસના કારણે ત્યાંથી ઊઠવાનું મન થતું નહોતું. પણ ઊઠ્યા વિનાયે છૂટકો નહોતો. અમે ઊઠ્યા. કમંડલકુંડ તરફ પાછા ચાલવા માંડ્યું. એ બધી જગ્યા દેખાય નજીક, પણ આવે નહીં. અડધે પહોંચ્યા હશું ને તરસે જીવ ટૂંકો ટૂંકો થવા લાગ્યો. પગ પાણી પાણી થઈ જવા લાગ્યા. બેસી પડું બેસી પડું થતું હતું, ત્યાં સામેથી બે ભાઈઓને આવતા જોયા. એકના હાથમાં પાણીથી ભરેલો લોટો હતો. તેમને જોઈને મને વિચાર આવ્યો કે આ ભાઈઓ આપણા જેવા મૂર્ખ નથી. પાણીનું સાધન સાથે લઈને મહાકાળીની ટૂકે જવા નીકળ્યા છે. ગરજવાનને અક્કલ ન હોય, વિચારવા લાગ્યા કે આ ભાઈઓ નજીક આવે એટલે તેમની પાસેથી ચાંગુ ચાંગુ પાણી માંગવું અને અને કંઠ ભીનો કરીને પછી કમંડલકુંડ તરફ એંતાલી મૂકવા. તેઓ પાસે આવ્યા એટલે અમે કોગળો પાણીની માગણી કરી. માગણી કરતાં પૂરો ડર હતો કે તેઓ નહીં જ આપે, કારણ કે તેઓ તો હજુ મહાકાળીની

ટૂંકે જઈ રહ્યા છે, તેથી તેમને પાણીની સખત જરૂરત હોય જ. વળી તાપ વધતો જતો હતો, પણ અમારા આશ્ચર્ય વચ્ચે તેમણે હસતાં હસતાં પાણીનો લોટો અમારા હાથમાં મૂકતાં કહ્યું કે ધરાઈને પીઓ. અમે તો, તેમનો કાંઈ પણ વિચાર કર્યા વિના અડધો અડધો લોટો પાણી બંને પી ગયા અને ખાલી લોટો તેમને પાછો આપ્યો. તેઓ ખાલી લોટો લઈને આગળ વધી ગયા અને અમે પાણી પીને અમારા સ્થાન બાજુ મારી મૂક્યું.

આવા આપતકાળે પાણી પીવડાવી ગયા તેમને કોણ સમજવા? તમે સૌ જ તેનો જવાબ આપી શકો.

□

## ગાયત્રી–દર્શન

આ બે અનુભવો પૂ.શ્રીની સાધનાકાળના છે. આ વાત હજુ સુધી પૂ.શ્રીએ કદી કોઈનેય કરી નથી. આપણે મહાભાગ્યશાળી છીએ કે સાચા સાધકોના સંતોષ અને ઉત્સાહ-વૃદ્ધિ અર્થે આ બે અનુભવો રજૂ થઈ રહ્યા છે. પૂ.શ્રીએ તે આ પ્રમાણે કહેલા—

"મૂળથી જ અમારો સ્વભાવ અતિ આસ્તિક કે અતિ નાસ્તિક નહિ. વૃત્તિઓ, કોઈ પણ બિનાને કે ચમત્કારને વૈજ્ઞાનિક કસોટીએ કસવા આતુર. કોઈ પણ સાધક પોતાની સાધનાના અનુભવો અમને સંભળાવે તો તે ક્યાં–ક્યાં ભ્રમમાં ભમી રહ્યો છે અને ક્યાં–ક્યાં લાગણીવેડામાં

લાગી રહ્યો છે તે અમે અચૂક બતાવવાનો પ્રયત્ન કરીએ. ઘણા લાંબા સમયથી ભ્રમમાં ભટકવાથી તેનું વ્યસન થઈ ગયું હોય, તેથી અમારા દ્વારા તે ભ્રમણા–વ્યસનનો ભંગ થવાથી સાધકને માઠું લાગી જાય એવા પ્રસંગો પણ બનતા—

"કોઈ સાધક પોતાને થતાં દેવ–દેવીનાં દર્શનની અમને વાત કરે ત્યારે તે સાચું છે કે ખોટું તે ચકાસવા માટે અમે તેમને આ પ્રમાણે કસોટી બતાવતા—

"એક સાધકે અમને કહ્યું કે મને અમુક દેવનાં દર્શન થયાં. ત્યારે અમે તેમને કહ્યું કે તમે તે દેવના આખા શરીરે હાથ ફેરવીને પાકી ખાતરી કરી હતી? તે દેવે જે કાંઈ પહેર્યું કે ઓઢ્યું હોય તેમાંથી તેમની એકાદ ચીજ તો પ્રસાદી તરીકે માંગી લેવી'તી ને ભલા માણસ! તે દેવના ચાલ્યા ગયા પછી પણ તેમની પ્રસાદી આપણી પાસે રહે અને તે આપણે બીજાઓને બતાવી શકીએ તો માની શકાય કે ઉપરોક્ત અનુભવ ભ્રમણારહિત હતો.

"એ કાળમાં કસોટી કરવાની અમારી બુદ્ધિ આવી વિચક્ષણ અને વિચિત્ર હતી. એ કાળમાં અને અત્યારે પણ અનંત દિવ્યઅલૌકિક અનુભવો ચાલુ છે. તેમાંનો એક (મણિનગર –સેવક સદનમાં થયેલો) અનુભવ આ પ્રમાણે છે–

"એ વખતે પ્રાણાયામનો ભીષણ અભ્યાસ ચાલતો. ત્યારે એક રાત્રીએ સ્વપ્નમાં ગાયત્રીદર્શન થયાં. તેજની–પ્રકાશની બનેલી તે મૂર્તિ હતી. જમીનથી ઉપર ત્રણેક ફૂટ તે મૂર્તિ હતી. અતિ સ્વરૂપવાન. સૌમ્યપણે મારી સામે સ્થિર હતી. મેં તેમને કહ્યું—

"મને તમારા આખા શરીરે હાથ ફેરવવા દો તો હું સાચાં દર્શન માનું."

"મેં તેમના આખા શરીરે, પૂર્ણ સંતોષ થઈ જાય ત્યાં સુધી હાથ ફેરવ્યો. પછી તે મૂર્તિ મારાથી દૂર ખસવા લાગી. જીવતા–જાગતા મનુષ્યની જેમ તે મૂર્તિમાં બરાબર હલન-ચલન થતું હતું પણ તે પગેથી ચાલતી નહોતી. આખે આખી દૂર ખસતી હતી. હું પણ તેના પર હાથ ફેરવતો ફેરવતો આગળ વધવા લાગ્યો. તે વખતે ખરેખર જ ખાટલામાંથી ઊભો થઈને પગે ચાલીને આગળ વધી રહ્યો હતો. મને ચોક્કસ ખાતરી છે કે હું તે વખતે નિદ્રાવસ્થામાં ન હતો. તે આગળ અને હું પાછળ. આ રીતે તે ચોકડી ઉપર જે બારી છે, ત્યાં પહોંચી ગઈ અને તે બારીમાંથી બહાર નીકળી ગઈ. બારીના સળિયા તેને નડતર ન થયા –રોકી ન શક્યા. જેમ તલવારને હવામાં વીંઝીએ તો હવા તે તલવારને રોકી નથી શકતી. બારીના લોઢાના સળિયા જાણે હવાના કે પ્રકાશના બનેલા હોય તેમ તે મૂર્તિ તેમાંથી આરપાર પેલી બાજુ નીકળી ગઈ; જેમ આપણે ખુલ્લા બારણા-માંથી બહાર નીકળીએ છીએ તેમ. તેમના ઉપર હાથ ફેરવવાનું મારું કામ ચાલુ જ હતું. તેથી તે મૂર્તિ બારીની બહાર નીકળી કે તુરત મારા હાથમાં બારીનો સળિયો આવ્યો. તે વખતે પૂર્ણ વ્યુત્થાન અવસ્થા પણ આવી ગઈ. તેથી ખાતરી થઈ કે હું જાગૃતાવસ્થામાં પણ નહોતો. ઘડીક તો બારીના સળિયા પકડેલી હાલતમાં વિચાર કરતો ઊભો જ રહ્યો. પ્રેમ, વાત્સલ્ય, હર્ષ, આનંદ, આશ્ચર્ય વગેરેમાં ઘડીક તો ભાવમગ્ન રહ્યો અને પછી ખાટલામાં જઈને સૂઈ ગયો. તે પાઇપનો બનેલો ખાટલો હજુ પણ મારી પૂજા–રૂમમાં રાખું

છું. તે પ્રસંગને અત્યારે યાદ કરતી વખતે પણ રૂંવાડાં ઊભાં થઈ જાય છે અને આંખોમાં ઝળઝળિયાં આવી જાય છે. અસ્તુ.”

“બીજો અનુભવ “ધર્મમેઘ”માં - અમારા નિવાસસ્થાનમાં થયેલો. તે આ પ્રમાણે છે—

“અતિપ્રેમી અને ઉત્સાહી ભાઈબહેનોના સહકારથી, ગામ પલિયડ (વેડા) તા. કલોલ મુકામે, પટેલ અમથાભાઈ બાલચંદભાઈના ખેતરમાં ડિસેમ્બર ૧૯૭૮ના તા. ૨૧ થી ૩૧ ના નવ દિવસની ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિરની તૈયારીઓ ચાલતી હતી કે જે શિબિરને અમુક અનુભવીઓએ સત્યયુગની શિબિર કહેલી. કેમકે તેમાં ભાગ લેનારાઓ પાસેથી નવ દિવસ સુધી કંઈ પણ દ્રવ્ય લેવાનું નહોતું. તે શિબિર માટે રાતદિવસ ખૂબ વ્યસ્ત રહેવું પડતું. સતત તેના વિચારો જ આવે. જીવનમાં આવો આ પ્રથમ જ પ્રસંગ તેથી અનેક પ્રકારની શંકાઓ વગેરે થયા કરતાં. શિબિરને શરૂ થવાને ચારેક દિવસ બાકી હતા. પૂજા પછી શવાસનમાં નાદાનુસંધાન ચાલતું હતું. હાલમાં જે વાપરું છું તે લાકડાના ખાટલામાં પશ્ચિમ બાજુ મસ્તક રાખીને શવાસનમાં હતો. તે બાજુ બારી છે તેમાંથી, તે વખતે સ્રીનો એક હાથ લંબાણો અને મારા મસ્તક ઉપર સ્થાપિત થયો. તે હાથને મેં મારા બન્ને હાથ વડે પકડી લીધો અને તેને આંગળીઓથી કોણી સુધી દબાવી–દબાવીને તે સમજવાનો પ્રયત્ન કરતો હતો કે તે હાથ કોનો છે. વળી એ વખતે પૂછવાનું ચાલુ હતું કે આપ કોણ છો? આપ કોણ છો? પણ કંઈ જવાબ મળ્યો નહીં. તે હાથનો સ્પર્શ કરતી વખતે અને પૂછતી

વખતે, મારું રડવાનું ખૂબ જોરજોરથી ચાલતું હતું. ખાસ્સી વાર સુધી તે વરદ હસ્ત મારા મસ્તકે સ્થપાયેલો રહ્યો. એ જ અવસ્થામાં હું સંપૂર્ણ વ્યુત્થાન અવસ્થામાં આવી ગયો. જાગૃતાવસ્થામાં આવતાં જ તુરત વિચાર સ્ફુર્યો કે તે વરદ હસ્ત ચોક્કસ મા ગાયત્રીનો હતો અને આ રીતે તેમણે "ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર" માટે આશિષ આપી દીધા.

"પછી તો અમે દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક નવ દિવસની શિબિરનું કાર્ય પતાવ્યું. સૌએ જબરજસ્ત ઉત્સાહપૂર્વક શિબિરમાં ભાગ અને લાભ લીધો અને નિર્વિઘ્નપણે અને જયજયકાર સાથે શિબિરની પૂર્ણાહુતિ થઈ.

"તેની સ્મૃતિમાં દર નાતાલના પહેલા કે બીજા રવિવારે તે જગ્યાએ ધજારોહણ મહોત્સવ ઊજવાય છે.

□

## નિત્યાનંદ બાબાનાં દર્શને ગણેશપુરી

ગુરુદેવ ચારમાસ માટે કેદારેશ્વર રહેલા. શ્રી ધ્યાનભિક્ષુ તેમની સાથે હતા. લોકસંગ્રહ અર્થે ગુરુદેવના અલૌકિક પ્રસંગોના ફોટાઓ લેવા ધ્યાનભિક્ષુજી તૈયાર જ રહેતા. કેદારેશ્વરમાં એક પ્રસંગે ગુરુદેવ એક ઝાડ ઉપર ચઢીને બેઠેલા. ગુરુધ્યાનભિક્ષુજીએ તે પ્રસંગના પણ ફોટાઓ લેવડાવી લીધા. પૂજ્યશ્રી ઝાડ પરથી નીચે ઊતર્યાં ત્યારે તેઓશ્રીએ એક સુંદર પ્રસંગનું વર્ણન કર્યું—

“આજના પ્રસંગથી મને નિત્યાનંદ બાબાની મુલાકાતનો પ્રસંગ યાદ આવે છે. તે વખતે અમે મુંબઈ રહેતા. જીવનનો તે કાળ એવો હતો કે ત્યારે હૃદયમાં પ્રભુવિરહની આગ પ્રજ્વલિત જ રહેતી, યોગરહસ્યોની પ્રાપ્તિ અર્થે ઘણી જ ભાગંભાગી રહેતી. જ્યાં પણ અનુભવી વિશેષજ્ઞનું નામ સાંભળ્યું નથી કે ત્યાં પહોંચ્યા નથી. તે વખતે રાત કે દહાડો કંઈ જોવાનું નહીં કે દૂર કે નજીક કંઈ વિચારવાનું નહીં કે ટાઢ કે તડકાને ગાંઠવાનું નહીં. બસ જવું એટલે જવું જ.

“એ અરસામાં શ્રી નિત્યાનંદજી મહારાજનું નામ સાંભળ્યું એટલે તેમને મળવા ઊપડયો. મારી સાથે એક બીજા ભાઈ પણ હતા. બોરીવલીથી બસમાં બેસીને ગણેશપુરી પહોંચ્યા. સમાધિસ્થળની આગળના ગરમ પાણીના કુંડમાં સ્નાન કર્યું અને ભીના પંચિયે જ બાબાજીનાં દર્શને ઊપડયો.

“કુંડની બાજુમાં જ તેમનું આસન (સ્થાન) હતું. અમે તે જગ્યામાં પ્રવેશ્યા. ત્યાં એક પ્રચંડ કાય મૂર્તિ બેઠેલી જોઈ. રંગ બિલકુલ સીસમ જેવો, પગ સાવ પાતળા, પેટ ઘણું મોટું. તેમની આગળ દુખિયારાં માણસોની લાઇન લાગેલી હતી. કોઈ બહેનોએ કાંખમાં નાનાં બાળકો તેડેલાં હતાં, જે ખૂબ રડી રહ્યાં હતાં. બાબાનું શરીર તે લાઇનની દિશામાં હતું. પણ મોઢું તેથી ઊલટી દિશામાં હતું. લાઇનમાં ઊભા રહીને કંટાળી ગયેલાં દુખિયારાં લોકો વરસાદની જેમ રાહ જોતાં હતાં કે બાબા તેમની તરફ ક્યારે મોઢું ફેરવે – ક્યારે જુએ. પણ બાબા તો જાણે એ બધાંથી અને આખા જગતથી બેપરવાહ થઈને પોતાના નિજાનંદમાં મસ્ત બેઠેલા હતા – પડેલા હતા.

"બીના પંચિયે હું તેમની સામે જઈને ઊભો રહી ગયો. મારી ધીરજ ખૂટી ગઈ એટલે હું તેમનું ધ્યાન અમારા તરફ દોરવા પ્રાર્થનાની આ નીચેની લીટીઓ ખૂબ ઊંચા અવાજે બોલ્યો—

જાગો હે મહા કાળ, જાગો જીવનકે જવાલ
ભસ્મ કરો પાપી કે પાપકો
ધરતી પુકારે પ્રભુ આપકો
જાગો હે શંકર પ્રલયંકર અભયંકર જાગો !
કંકર કંકર તુમ્હેં પુકારે શિવશંકર જાગો !
ઓ દેવો કે દેવ ગંગાધર મહાદેવ જાગો....
અબ તો નીંદ ત્યાગો....

"અને પછી શું થયું ? શંકર (બાબા) જાગ્યા ! બાબાએ અમારા તરફ મોઢું ફેરવ્યું, મહા કોપાયમાન થઈને. લાઇનનાં દુખિયારાંઓએ મોકો ઝડપ્યો. બાબાને નમન કરી કરીને ચાલવા લાગ્યાં. હું તો તે વખતે સાષ્ટાંગ દંડવત્ પ્રણામની સ્થિતિમાં જ પડેલો હતો. બાબાએ બાજુમાં પડેલા શ્રીફળના ઢગલામાંથી એક શ્રીફળ ઉપાડયું, મને છૂટું મારવા. મારી સાથેના ભાઈ મારી બાજુમાં જ ઊભેલા હતા તે ગભરાયા અને હાથ પકડીને કહેવા લાગ્યા કે ભાઈ, ભાગો ભાગો ગાંડાએ શ્રીફળ ઉપાડયું છે, તેમનો કંઈ ભરોસો નહીં. આમ બોલીને મને ખેંચવા લાગ્યા. આ દરમિયાન બાબાનો વાણીપ્રવાહ તો ચાલુ જ હતો કે ગોલપીઠા, ગોલ-પીઠા; ગુંડા ગુંડા; મોવાલી મોવાલી વગેરે. આટલી વારમાં તો હું ઊભો થઈને હાથ જોડીને ઊભો હતો. બાબાનો શ્રીફળયુક્ત હાથ મને મારવા માટે ઉગામાયેલો જ હતો. હું

નીડરપણે શ્રદ્ધાપૂર્વક હાથ જોડીને સામે ઊભેલો હતો. બાબાએ હાથ નીચો મૂક્યો. મારા સામે જોવા લાગ્યા. ત્રણ–ચાર વાર માથાથી તે પગ સુધી અને પગથી તે માથા સુધી મારા ઉપર નજર ફેરવી. મારા શરીર ઉપરની જનોઈ તરફ તેમની નજર સ્થિર થઈ. તેઓ બોલવા લાગ્યા—"બામણા....બામણા... ....બામણા?" એટલે કે બ્રાહ્મણ છો? મેં કહ્યું, હા, નિર્વિકલ્પ સમાધિ માટે આપના આશીર્વાદ લેવા આવ્યો છું. આ સાંભળીને બાબા ગાંડા માણસની જેમ બોલવા લાગ્યા "ચાલીસ કોટી – ચાલીસ કોટી, ગાયત્રી–નિર્વિકલ્પા, ઉપર."

"બાબાનું બોલવાનું હું કંઈ સમજ્યો નહીં તેથી મેં તેમના સેવકોને પૂછ્યું તો તેમણે કહ્યું કે બાબા એમ કહે છે કે નાળિયેરના ઝાડ ઉપર બેસીને ગાયત્રી મંત્રના ચાલીસ કરોડ જાપ કરો તો નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થશે.

"થોડાં વર્ષો પૂર્વે "ગુરુદેવ સિદ્ધપીઠ" ગણેશપુરીમાં નિત્યાનંદ બાબાની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થઈ ત્યારે જોગાનુ-જોગ મારી હાજરી ત્યાં હતી. એક વખત ઉપરોક્ત પ્રસંગનું વર્ણન શ્રી મુક્તાનંદ બાબા પાસે મેં કરેલું. "નિત્યાનંદ બાબાએ મને મારવા શ્રીફળ ઉપાડ્યું" એ વાત આવી ત્યારે શ્રી મુક્તાનંદજીએ કહ્યું કે "મારા નહીં? મારા હોતા તો અચ્છા હોતા, તો બહુત કામ બન જાતા."

"જ્યારે નિત્યાનંદ બાબાએ ઝાડ ઉપર ચઢીને મંત્ર જપ કરવાનું મને કહ્યું ત્યારે તો મને ખબરેય નહોતી કે પોતે ઘણાં વર્ષો સુધી ઝાડ ઉપર જ મુકામ રાખેલો. એ ખબર તો પછી પડી.

"કુદરતની કેવી કરામત છે કે આજે મારા જીવનમાં

મુખ્યપણે ગાયત્રીમંત્ર વણાઈ ગયો છે. કેદારેશ્વરમાં ગાયત્રી-મંત્રનાં અનુષ્ઠાનો ચાલી રહ્યાં છે અને અમે અત્યારે ઝાડ ઉપર ચઢીને બેઠા હતા એ બધા પ્રસંગોથી નિત્યાનંદજી મહારાજ સાથેનો ઉપરોક્ત આખો પ્રસંગ આજે તાદૃશ થઈ રહ્યો છે.”

□

## માતાજીમાં ગુરુદેવ-દર્શન

અમારા ડૉકટર સાહેબ પણ અનન્ય ગુરુપ્રેમી છે. અવકાશ મળે ત્યારે અંબાજી જવાનું પણ ન ચૂકે, અંબાજી દર્શને જઈ આવ્યા પછી એક વખત તેમણે પોતાનો અનુભવ મને કહ્યો—

“પંકજભાઈ! આ વખતે ખરી થઈ! હું તો માતાજીની મૂર્તિની સન્મુખ હાથ જોડીને ઊભો રહ્યો અને તેમનું મુખારવિંદ અવલોકવા લાગ્યો. ત્યાં થોડી જ વારમાં ચમત્કાર થયો! માતાજીની મૂર્તિની મુખાકૃતિમાં પૂજ્ય ગુરુદેવની (યોગભિક્ષુજીની) મુખાકૃતિ દેખાવા લાગી. મેં તો દશ-વીશ વાર આંખો પટપટાવી તોય એ જ મુખાકૃતિ! પછી બહાર જઈને મોઢું ધોઈને આંખે પાણી છાંટયું અને પછી મૂર્તિની સમક્ષ ઊભો રહ્યો. તોય ગુરુદેવની જ મુખાકૃતિ! હું તો ખૂબ વિચારવા લાગ્યો કે આમ કેમ થાય છે?

“વિચારતાં-વિચારતાં અંદરથી સ્ફુરણાઓ થવા લાગી કે

ગુરુજી કાંઇ અમુક જ જગ્યાએ કે કેવળ સ્થૂળ સ્વરૂપે જ થોડા છે? ગુરુ મહારાજ તો સર્વદેશી અને સર્વવ્યાપક છે તો અહીં કેમ ન દેખાય? ખરુંને પંકજભાઈ!"

મેં કહ્યું : "ડૉક્ટર, ખરી વાત છે તમારી. ગુરુજી તરફનો તમારો જે અનન્ય પ્રેમ તેનું આ પરિણામ છે. ગુરુદેવ માટે તમારું સમર્પણ વર્ણનાતીત છે. તેથી તો તમે સદ્‌ગુરુ-સમર્પણ છો ને! આવા અધિકારી અમે પણ ક્યારે થઈશું?"

## રણછોડદાસજી મહારાજનાં દર્શને

લગભગ પંદર-વીસ દિવસ પહેલાં જ પૂ. શ્રી દક્ષિણ ભારતની યાત્રાએથી પાછા આવ્યા. મદ્રાસમાં પૂ. શ્રી આદિતબેનના ત્યાં ઊતરેલા. આદિતબેનના અતિ આગ્રહથી પૂ. શ્રીએ તેમના ત્યાં ગાયત્રી–મારુતિ હવન કર્યો. નિજાનંદરૂપા આદિતબેને પૂ. શ્રીનો અહોભાવથી સત્કાર કર્યો. હવનમાં શ્રી ભટ્ટભાઈ આવેલા, જેઓ શ્રી રણછોડદાસજી મહારાજના શિષ્ય છે. હવન પછી તેઓ પૂ. શ્રી પાસે સત્સંગ માટે આવ્યા. પૂ. શ્રી પાસેથી રણછોડદાસજી મહારાજની વાતો સાંભળીને ભટ્ટભાઈ તો ખુશખુશાલ થઈ ગયા અને ખૂબ વધુ વાતો કરવાનો આગ્રહ કરવા લાગ્યા. પણ સમયના અભાવના કારણે વાત વધુ નહિ ચાલેલી. શ્રી ભટ્ટભાઈ ઊઠતી વખતે, પૂ. શ્રી પાસે આવીને પૂ. શ્રીનાં ચરણોમાં મસ્તક મૂકીને ખૂબ ગદ્‌ગદ થઈને કહેવા લાગ્યા કે આપ મને આશિષ આપો કે જેથી મને મારા ગુરુદેવનાં સ્થૂળદેહે દર્શન થાય. મને શ્રદ્ધા છે કે આપની આશિષથી જરૂર થશે.

ઉપરોક્ત વાતના અનુસંધાનમાં પૂ. શ્રીએ શ્રી રણછોડ-દાસજી મહારાજ સાથેના પ્રસંગોને વિગતવાર કહ્યા—

"શ્રી રણછોડદાસજી મહારાજે અમુક સમય માટે કાષ્ટ મૌન રાખેલું અને તે સમય દરમિયાન તેઓશ્રીને અવનવા અનુભવો થયેલા. એવું ઘણું બધું મેં સાંભળેલું તેથી તેમને મળવાની ખૂબ ઇચ્છા હતી. વળી બનતાં સુધી શ્રી સદાનંદજી મહારાજે પણ મને તેમને મળવાની ભલામણ કરેલી. તેથી હું તકની રાહ જ જોતો હતો. તેઓશ્રી રાજકોટ રણછોડ-વાડીમાં આવવાના છે એમ ખબર પડી એટલે હું ત્યાં પહોંચી ગયો.

"ત્યાં માણસોની ભીડ ખૂબ હતી. એકાંત મળવું મુશ્કેલ હતું. મને ઉતાવળ નહોતી. એક પછી એક મારો પણ દર્શનનો નંબર આવ્યો. નમસ્કાર કરીને મેં મારી વાત કહી અને વધુ વાતચીત માટે એકાંતની વિનંતી કરી. તેથી તેમણે બારણાં બંધ કરીને મને એકાંતમાં વાતો કરવાનો મોકો આપ્યો. યોગની વાતચીતના પ્રસંગે તેઓશ્રીએ કહ્યું કે "મૈં યોગ કે વિષય મેં કુછ નહિ જાનતા. લોગ ઐસે હી મુઝે યોગી કહ દેતે હૈં. મૈં પત્રમેં આપકો અધિક લિખૂંગા." હું અમદાવાદ પાછો આવી ગયો.

"શિયાળામાં સાધના માટે ખંડેરાવપુરા શ્રી રાઘવ-જીભાઈની મેડી ઉપર નિવાસ હતો ત્યારે તેઓશ્રીનો એક પત્ર આવ્યો, જેમાં લખ્યું હતું કે આગે કે પત્રમેં આપકો અધિક લિખા ગયા હૈ. પણ મને તે પત્ર મળેલો નહિ તેથી મેં લખ્યું કે મને તમારો પત્ર મળ્યો નથી માટે બીજો પત્ર લખો. પછી શું થયું તે બરાબર યાદ નથી. ત્યાર પછી થોડા સમયે—

"મહારાજશ્રીને મળવા માટે પુષ્કર ગયો. ત્યાં તેઓશ્રીના એક પ્રેમી રહેતા હતા. તેઓશ્રી તેમના ત્યાં રહેતા હતા તેથી હું પણ ત્યાં ગયો. બનતાં સુધી તેઓ શ્રી જયંતીભાઈ જોબનપુત્રાના કાંઈ સગા હતા. બે દિવસ તેમના ઘરે જ રહ્યો. સવાર–સાંજ સૌ પ્રેમીઓ મહારાજશ્રીને મળતા ત્યારે હું પણ મળતો. તેઓશ્રી મારી સાથે વાતચીત કરતી વખતે મને "આપ" કહીને સંબોધન કરતા. તેથી મેં એક વખત તેઓશ્રીને કહ્યું કે આપ મુઝે "આપ" કયોં કહતે હૈં ? "તુમ" કયોં નહીં કહતે ? જવાબ મળ્યો કે આપ 'આપ' કહને યોગ્ય લગતે હૈં ઇસલિયે; ઔર કોઈ બાત નહીં હૈ. કયારેક તેઓશ્રી એક ભાટિયાબહેન જોડે આસપાસમાં રહેતા સંતોને વસ્ત્રો વહેંચવા માદરપાટના તાકા લઈ ને નીકળી પડતા.

"સાધના કરવા મારા માટે અલગ જગ્યાની વ્યવસ્થા વિચારાઈ રહી હતી. તેઓશ્રીએ એક એકાંત જગ્યામાં જ્યાં સાધના કરેલી તેમાં તો અત્યારે કોઈ મહાત્મા રહેતા હતા. તેથી મારા માટે કાલિકાના પહાડ ઉપરની એક એકાંત ઓરડી નક્કી થઈ.

"મને બોલાવીને મહારાજશ્રીએ કહ્યું કે (હિન્દીમાં) તમે કાલથી કાલિકાના ડુંગરવાળી ઓરડીમાં રહેવા જાવ. તમે જે સાધના કરો છો તે જ ત્યાં કરજો. દસ દિવસ સુધીમાં જો એમ લાગે કે આગળ વધાય છે તો વધુ રોકાઈ જજો અને દસ દિવસમાં જો થોડાય આગળ ન વધાય તો પાછા અમદાવાદ ચાલ્યા જજો.

"બીજે દિવસે જરૂરત પૂરતો સામાન લઈને હું તે

સ્થાનમાં પહોંચી ગયો. અહીં પાણીની ખૂબ મુશ્કેલી હતી. ક્યાંય પાણી ન મળે. ડુંગરથી નીચે ઊતરીએ તો કૂવાનાં પાણી એટલાં ઊંડાં કે એટલું દોરડું ક્યાંથી લાવવું? ઓરડીમાં અંદરથી બંધ કરવા સાંકળ હતી નહિ. તેથી મેં એક દોઢ–બે મણનો પથ્થર રાખેલો જે રાત્રે સૂતી વખતે કમાડ આડો મૂકીને સૂઈ જતો. રાતનું વાતાવરણ ભેંકાર થઈ જતું. સ્થાન સાવ નિર્જન અને હું સાવ અજાણ્યો તેથી ક્યારેક રાત બહુ લાંબી થઈ પડતી. ઓરડીને એક પણ બારી નહીં. બારણાં બંધ કરીએ એટલે જાણે ભઠ્ઠી. બહાર નીકળીએ તો હિમાલય. એક ભાઈએ ખાસ સૂચના આપેલી કે રાત્રે બહાર ન નીકળશો. ઓરડીના એકદમ ગરમ વાતાવરણમાંથી બહારના એકદમ ઠંડા વાતાવરણમાં આવવાથી શરદી થઈ જશે. એક તો શરદીનો ડર અને બીજું નિર્જન સ્થાન તેથી આપણે તો કમાડ બંધ કર્યાં તે કર્યાં પછી સવારે દસ અગિયારે જ ખૂલે. કારણ કે સવારે દસ અગિયાર સુધી મારો સાધનાક્રમ ચાલતો. હાલમાં પણ એ સમય ચાલુ જ છે.

“બપોરે જમવા માટે મૂળ ઉતારે જતો. રાત્રે ક્યારેક ગુલાબની ખૂબ સુગંધ આવતી. તપાસ કરતાં ખબર મળ્યા કે આસપાસમાં ગુલાબના બગીચાઓ છે. પુષ્કરમાં બ્રહ્માજીનાં મંદિરમાં દર્શન કર્યાં. બ્રહ્માનંદજીના આશ્રમની મુલાકાત લીધી. આ આશ્રમ જોવાની ઘણાં વર્ષોથી તાલાવેલી હતી તે પૂરી થઈ.

“ચાર પાંચ દિવસ પછી નીચે મૂળ ઉતારે જમવા ગયો તો ખબર પડી કે મહારાજશ્રી હાજર નથી. તે અરસામાં ભારત–ચીન લડાઈ ચાલતી હતી. તપાસ કરતાં ખબર મળ્યા

કે મહારાજશ્રી અન્ય મહાત્માઓ જોડે ભારત–ચીનની સરહદે ગયા છે. મેં પૂછ્યું કે કેમ ? તો જવાબ મળ્યો કે ત્યાં સૌ મળીને દૂધની ધારાવાડી આપશે કે જેથી દુશ્મનો આપણી સરહદમાં આવી ન શકે. આવી બધી વાતો મને નવી અને વિચિત્ર લાગતી હતી. ત્યાર પછી બીજે કે ત્રીજે દિવસે જમવા માટે નીચે આવ્યો ત્યારે ભારત–ચીનની સુલેહની વાતો સાંભળી. ગજબ છે આ બધું રહસ્ય !

"દસ દિવસ સુધી કાંઈ પ્રગતિ થતી ન જોઈ તેથી અમદાવાદ આવી ગયો. ત્યાર પછી ક્યારેય મહારાજશ્રીને મળવાનો મોકો ન મળ્યો.

□

## હું મહાત્મા કે આ મહાત્મા ?

તા. ૨૨–૧–૮૨ના રોજ પટેલ સોસાયટી મણીનગરમાં, દેવી ભાગવતની કથામાં પૂ. ગુરુદેવને આશીર્વચન માટે બોલાવ્યા હતા. ત્યારે નીચેનો પ્રેરક પ્રસંગ પૂજ્યશ્રીએ સ્વમુખે કહેલો—

"સત્સંગ સાંભળીએ, કથાઓ–સપ્તાહો વગેરે કરીએ–સાંભળીએ, શા માટે ? પછી શું આપણો પણ કથાકાર થવાનો વિચાર છે ? જો હા તો ? કથા શ્રવણ કરનાર બધા જ કથાકાર થઈ જાય અને જો એમ બને તો સાંભળનાર કોણ ? પણ આપણી એવી ઈચ્છા નથી. કથા–સત્સંગ વગેરે તો પારમાર્થિક ફળની પ્રાપ્તિ માટે સાંભળીએ છીએ. આખું જીવન

સાંભળતા જ રહીએ અને તેને પચાવીએ નહીં, જો જીવનમાં ઉતારીએ નહીં તો બધું વ્યર્થ. તે બધાંની કસોટી, સાર્થકતા ક્યારે છે? જીવનમાં અતિહર્ષના અને અતિશોકના પ્રસંગો તો આવવાના જ. પારમાર્થિક દૃષ્ટિએ ભલે હર્ષ–શોક જેવું કાંઈ ન હોય પણ વ્યાવહારિક દૃષ્ટિએ તો છે જ. કથા, સત્સંગ, સ્મરણ, ચિંતન, મનન, ગુરુ–સંતસેવા વગેરેનું ફળ મળ્યું તો જ કહેવાય જો અતિહર્ષના પ્રસંગે છકી ન જઈએ અને અતિશોકના પ્રસંગે ભાંગી ન પડીએ; અતિહર્ષનેય પચાવી લઈએ અને અતિશોકનેય જીરવી જાણીએ. તે વિષેનો બનેલો એક પ્રસંગ આપ સૌને કહું—

"ડાકોરના એક ભાઈ છે. અમારી વાતો સાંભળી સાંભળીને તેઓ અમારા ખૂબ પ્રેમી બની ગયેલા. અમને તે વાતની ખબર નહીં. લગ્ન કર્યે પાંચ–સાત વર્ષ થઈ ગયેલાં પણ તેમને કાંઈ બાળક નહીં. અમને એ વાતની પણ ખબર નહીં. થોડા સમય પછી ઓમ્ નારાયણની કૃપાથી તેમને ત્યાં એક પુત્રીનો જન્મ થયો. તેઓ ખૂબ રાજી થયા. કહેવા લાગ્યા કે ગુરુદેવની કૃપા થઈ.

"ત્યાર પછી થોડા સમયે અમે ગળતેશ્વર (ડાકોર પાસે) બે માસ અનુષ્ઠાન અર્થે રહ્યા. તે દરમિયાન તેમને તન-મન-ધન અને વાણી-વિચાર–વર્તનથી શબ્દાતીત, કલ્પનાતીત સેવા કરી. અમારું કાર્ય પતાવીને અમે અમદાવાદ આવી ગયા. ત્યાર પછી થોડા સમય પછીની વાત છે.

"અમે નિયમ મુજબ ધર્મમેઘમાં ફળિયામાં ખુરશી નાખીને બેઠા હતા. ખાખરિયાના ગામડેથી એક ભાઈ આવ્યા. અમને નારાયણ કર્યા, પગમાં શ્રીફળ અને મીઠાઈ મૂક્યાં, ફૂલની

માળા પહેરાવી અને બેઠા. અમે પૂછ્યું, "કેમ ભાઈ, આજે આ બધું શું?" તેઓ કહે છે કે આપની કૃપાથી ભગવાને દીકરો આપ્યો. અમે કહ્યું કે બહુ સારું, તમારી ઉપર ઓમ્ નારાયણની દયા થઈ. એ ભાઈ ગયા અને તુરત જ ડાકોરવાળા ભાઈ આવ્યા. તેઓ પણ શ્રીફળ–મીઠાઈ, પુષ્પમાળા વગેરે લાવેલા. અમે પૂછ્યું, "કેમ ભાઈ, આજે આ બધું શું છે?" તેઓ થોડી વાર તો મૌન રહ્યા. જવાબ ન આપી શક્યા, પછી ગળગળા થઈને કહે કે આપની દયાથી પુત્રપ્રાપ્તિ થઈ. અમે કહ્યું, "બહુ સારું, તમારું તપ ફળ્યું. પછી તેઓ ડાકોર ગયા."

"થોડા સમય પછી તેઓ પતિ-પત્ની બંને સાથે આવ્યાં. શ્રીફળ, મીઠાઈ, પુષ્પમાળા ચરણમાં મૂકીને બેઠાં. ભાઈ તો હંમેશની જેમ હસતા-હસતા વાતોના જવાબ આપે પણ બહેનના મોઢા ઉપર હાસ્ય-રેખા ફરકે નહીં. અમે પૂછ્યું, "કેમ બહેન, તબિયત તો સારી છે ને? ભાઈ બોલી ઊઠયા – મુન્નીને ઓમ્ નારાયણે પાછી બોલાવી લીધી. મુન્નીને ઓમ્ નારાયણે અમને આપી હતી તે પણ આનંદનો પ્રસંગ હતો અને તેમણે પાછી બોલાવી લીધી તે પણ આનંદનો પ્રસંગ છે. તેથી તો અમે આ મીઠાઈ લઈને આપનાં દર્શને આવ્યાં છીએ." તેમના મોઢા ઉપર હંમેશનું હાસ્ય ફરકતું હતું.

"અમે તો તેમનાં ઉપરોક્ત વચનો સાંભળીને દંગ થઈ ગયા અને વિચારવા લાગ્યા કે લોકો અમને યોગીરાજ અને મહાત્મા કહે છે, પણ ખરેખર તો આ ભાઈ મહાત્મા કે અમે મહાત્મા?!"

□

## નવરાત્રી આવી હોય?

"આવતી કાલે નવમો દિવસ? આવતી કાલે દેવી ભાગવતની પૂર્ણાહુતિ હશે ખરું?" ગુરુજીએ પૂછ્યું. પછી વાગ્ધારા આગળ વધી—

"નવ દિવસ શા માટે? કથાના નવ દિવસ, નવરાત્રીના નવ દિવસ, નવદુર્ગા વગેરેમાં નવની સંખ્યા સૂચક છે. યોગશાસ્ત્રની દૃષ્ટિએ મેરુ દંડમાં સાત કે નવ ચક્રો છે. તે દરેકમાં તેની અધિષ્ઠાત્રી દેવી શક્તિ રહેલી છે. તે શક્તિ દ્વારા શરીર–દુર્ગનું સંચાલન–સંરક્ષણ થાય છે. નવરાત્રીમાં તે નવે ચક્રોની ઉપાસના કરવાની છે, તેને નવાં – પુનઃ નવાં કરવાનાં છે, તેનું ઉદ્દીપન–ઉદ્ઘાટન–માર્જન–તર્પણ કરવાનું છે કે જેથી વીતેલા બાર માસમાં જે ઘસારો લાગ્યો હતો તેનું સમારકામ થાય અને આવતી નવરાત્રી સુધી તે સક્ષમ રહે તેટલી પ્રાપ્તિ થાય. એક રાત્રીએ એક એમ નવ રાત્રીઓમાં નવે ચક્રોની શક્તિઓ–દેવીઓનું માર્જન–સ્થાપન–સંસ્થાપન કરવાનું છે.

"દુર્ગા" શબ્દ સ્ત્રીલિંગ છે. "દુર્ગેશ" તેનું પુલ્લિંગ છે. ખરેખર તો તે સ્ત્રી કે પુરુષ કાંઈ જ નથી, તે તો કેવળ એક શક્તિમાત્ર, એક ચૈતન્ય તત્ત્વ – સત્તામાત્ર છે. રુચિ અનુસાર તેને સંબોધિત કરવામાં આવે છે. જેનાથી શરીર-દુર્ગનું રક્ષણ થાય છે તેને દુર્ગ + આ=દુર્ગા અથવા દુર્ગ + ઈશ=દુર્ગેશ કહી શકાય.

"નગરવાસીઓના રક્ષણ માટે નગરની રચના કરવામાં આવે છે અને નગરની રક્ષા માટે દુર્ગ (કિલ્લા)ની રચના કરવામાં

આવે છે. દુર્ગની થોડે થોડે અંતરે એક એક દુર્ગ-કેન્દ્ર હોય છે. તે કેન્દ્ર ઉપર એક એક દુર્ગપાલ હોય છે જે દુર્ગ–રક્ષાનાં સાધનોથી સંપૂર્ણ સુસજ્જ હોય છે અને પોત–પોતાની હદના દુર્ગનું રક્ષણ કરે છે.

"ઉપરોક્ત સ્થૂળ દૃષ્ટાંતથી શરીર–દુર્ગને પણ સમજી લેવાનું છે. પરમગુરુ મહારાજના નિવાસસ્થાનની ફરતે શરીર–દુર્ગ છે અને શરીર–દુર્ગની રક્ષા માટે કરોડરજ્જુમાં ચક્રો–કેન્દ્રો છે અને તેમાં સ્થિત તેની શક્તિ–દેવી–દુર્ગા–દુર્ગેશ તેનું બરાબર રક્ષણ કરે છે.

નવદુર્ગા અને નવરાત્રીનું આવું ગુહ્ય રહસ્ય છે. આટલી વાત જાણ્યા પછી હવે સાચો ખ્યાલ આવશે કે નવરાત્રી કેવી રીતે ઊજવવી જોઈએ. નવરાત્રી તે તો શક્તિ–ઉપાસનાનું, શક્તિ પ્રાપ્ત કરવાનું રાષ્ટ્રવ્યાપી સામૂહિક પર્વ છે. તે નવ દિવસોમાં તો સૌએ એકીસાથે જ શક્તિ–ઉપાસનામાં બેસવાનું છે, પોતપોતાના અનુભવી ગુરુ–સંતોના માર્ગદર્શનમાં એક એક રાત્રીએ એક એક ચક્ર સ્થિત શક્તિને પરિમાર્જિત કરવાની છે. આ પર્વ સામૂહિક હોવાનો ફાયદો એ છે કે તે દિવસોમાં સૌ પોતાની ઉપાસના–ક્રિયામાં લાગેલાં હોવાથી કોઈને કોઈના દ્વારા જાણ્યે અજાણ્યે પણ વિક્ષેપ નથી થતો. આપણે આપણા ધ્યાનગૃહમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરતાં હોઈએ અને આપણો પાડોશી પોતાના ઓરડામાં થૈ...થૈ...કરતો હોય તો? અને તે ધ્યાનસ્થ થવાનો પ્રયત્ન કરતો હોય ત્યારે આપણે લાઉડ સ્પીકર ઉપર "ચંન્ડ–મૂંડ ચપટીમાં ચોળ્યા, રે આજ દૈત્યોને રણમાં રોળ્યા..."ની ગળાફાડ ગર્જનાઓ કરતા હોઈએ તો તેનું શું થાય? ચંન્ડ–મૂંડને ચપટીમાં કેવી રીતે

ચોળવા અને દૈત્યોને રણમાં કેવી રીતે રોળવા તે આપણને કોણ સમજાવશે? ક્યારે સમજાવશે?

દિવાળી પણ સફાઈનું-સ્વચ્છતાનું સામૂહિક પર્વ છે. તે દિવસોમાં સૌ એકીસાથે સફાઈ કરે છે. તેથી જ સફાઈ થઈ શકે છે. તે દિવસોમાં જો હું મારું મકાન સાફ કરતો હોઉં અને મારો પડોશી ન કરતો હોય તો મારા ઘરની બધી ગંદકી, માંકડ, મચ્છર ઇત્યાદિ તેના ઘરમાં ઘૂસી જાય પણ જો સૌ એકી સાથે સફાઈ કરતા હોય તો આખા રાષ્ટ્રનું વાતાવરણ સ્વચ્છ થઈ જાય.

નવરાત્રિમાં પણ જો શાંત ઉપાસનાના પ્રયત્નમાં જ સૌ હોય તો સૌને પૂરો લાભ મળી શકે. સાચી માહિતીના અભાવે, હાલમાં આપણે નવરાત્રિ પર્વ કેવી રીતે ઊજવીએ છીએ? કેવાં અને કેટલાં મોટાં લાઉડ સ્પીકરો મૂકીએ છીએ? અને સ્વરયંત્ર ફાટી જાય એટલા જોરથી રાડો પાડી પાડીને ગરબા ગવરાવીએ છીએ! અને એકલા ગરબા જ હોય છે તેવું પણ થોડું છે? જે મનમાં આવે તે ગવરાવીએ છીએ અને સવારો-સવાર પણ ગવરાવીએ છીએ! ક્યાંક તો એવી હરીફાઈ ચાલે છે કે કોનું લાઉડ સ્પીકર વધુ મોટું છે? આપણું લાઉડ સ્પીકર શરૂ થાય એટલે બીજા કોઈનાં ન સંભળાવાં જોઈએ! આવા વાતાવરણમાં કોઈ જિજ્ઞાસુ પોતાની પૂજા રૂમમાં કાંઈક સાચો પ્રયત્ન કરવા મથતો હોય તેની શી દશા થાય? હે મા દુર્ગે! તમને પ્રાપ્ત કરવાની નવશક્તિ આવી હોય?

□

## આવેશને ઊભરાઈ જવા ન દો.

આજે શનિવારનો દિવસ છે. પૂ. ગુરુદેવ નિયમ મુજબ ધર્મમેઘના, છાંણુથી લીંપેલા આંગણુંમાં ખુરશી ઉપર બિરાજમાન છે. ઘડીમાં ડાબા હાથે તો ઘડીમાં જમણા હાથે રુદ્રાક્ષની સુમરનીના (નાની માળાના) મણુકા ફર્યે જાય છે. આસપાસ પાંત્રીસ-ચાલીસ માણુસો બેઠાં છે. અમેરિકાથી દર્શન માટે ખાસ આવેલાં દંપતી પણુ બેઠાં છે. થોડી થોડી વારે સત્સંગ-પ્રશ્નોત્તર વગેરે થાય છે. અમેરિકાથી આવેલાં બેન સામે જોઈને ગુરુદેવ બોલ્યા કે કેમ દક્ષાબેન ! ક્યાં ગયાં હતાં ? ત્રણેક મિનિટ માટે તમે અહીં હાજર નહોતાં. દક્ષાબેન કહે કે હા ગુરુજી, થોડા સમય માટે અંતર્મુખ થઈ જવાયું હતું. તે વખતે બીજું એક કુટુંબ પ્રવેશ્યું. પતિ–પત્ની અને ત્રણ પુત્રીઓ. નમસ્કાર કરીને સૌ બેઠાં. ગુરુદેવે પૂછ્યું – ક્યાંથી આવો છો ? તો કહે કે મહારાષ્ટ્રમાંથી. ગુરુજી કહે કે ઓહો હો ! ઘણે દૂરથી આવ્યાં. તેઓ કહે કે આપે ખેંચી લીધાં અને અમે આવી ગયાં. ગુરુજી કહે કે તો તો પછી તમે અમને ખેંચશો ત્યારે અમારેય આવવું પડશે.

થોડા સમય પછી તે બેન ઊઠીને ગુરુજીની સામે આવીને બેઠાં. ગુરુદેવે પૂછ્યું : “તમારું નામ શું ?” ઉત્તર ન મળ્યો. થોડો સમય પછી બેન બોલ્યાં કે બાબા ! હું ક્યારે સાજી થઈશ ? ગુરુજી કહે કે શ્રદ્ધા ને વિશ્વાસ ખોવાં નહીં. પરમાત્મા સૌને સહાયતા કરે છે. બેન કહે કે શ્રદ્ધા રાખવા છતાંય ફળ ન મળતું હોય તો ? ગુરુજી કહે કે તો શ્રદ્ધા મૂકીને એક વખત અનુભવ કરી જોવો કે શું થાય છે ? પછી જે ગમે તે રાખવું.

પછી ગુરુજીએ બેનના હાથમાં સાકરની પ્રસાદી આપી. તે

દરમિયાન વિદેશથી આવેલા શ્રી પ્રત્રી ગુસાઈ નો કૅમેરા ચાલુ જ હતો. તેઓ ગુરુદેવની એકેએક ભાવ–ભંગીઓને કૅમેરામાં કંડારી રહ્યા હતા. એટલી વારમાં તો સામે બેઠેલાં બેનનું શરીર જોરજોરથી કંપવા લાગ્યું. ધીરે ધીરે ખૂબ બેકાબૂ બનીને તેઓ જમીન ઉપર આળોટવા લાગ્યાં, જોર જોરથી હસવા, રડવા અને બૂમો પાડવા લાગ્યાં. તેમના પતિ તેમને પકડી રાખવાનો ખૂબ પ્રયત્ન કરતા હતા છતાં તેઓ કાબૂમાં રહેતાં ન હતાં. તે દરમિયાન ગુરુદેવ તે તરફ બેધ્યાન થઈને બીજાઓ જોડે સતસંગ કરતા હતા. થોડી વાર પછી તે બેન શાંત થઈને એક બાજુ બેઠાં. આટલા બધા ધમપછાડા કર્યા છતાંય એને ગુરુજીની આપેલી સાકરની પ્રસાદી પડી જવા દીધી ન હતી. તેમના પતિ ગુરુદેવને નારાયણ કરવા આવ્યા. સામે ઊભા રહ્યા. તેમને સંબોધીને ગુરુદેવની વાક્ધારા શરૂ થઈ—

"કેટલી બધી ઠંડી છે? આ બેનનું શરીર ઘણું અશક્ત છે. તેમને આખી બાંયનું કંઇ પહેવરાવવું જોઈએ. રાજા જોડે સીધી ઓળખાણ રાખો, તેને પ્રેમ કરો, તેને શરણે જાવ. રાજા નારાજ થશે ત્યારે સિપાઈ કે મંત્રી કે પ્રધાનની ઓળખાણ કંઈ કામ નહીં આવે. જો સીધી રાજા જોડે ઓળખાણ હશે તો તેની નીચેનાં બધાં જ માણસો તમને સલામ કરશે. ખોટા ભ્રમો અને વહેમોથી દૂર થઈ જાઓ. સાચી સમજણમાં, ખરું અને અખંડ સુખ રહેલું છે. નવે ગ્રહો જેમની પ્રદક્ષિણા કરે છે તેમને ઓળખો. તે પરમ સત્તા કે જેમનું નામ ઓમ્ છે—ઓમ્ જેમનું નામ છે, કેવળ તે સત્તાના ભરોસે જ રહો. અમે બીજું કાંઇ જ જાણતા નથી. અમે તો ઓમ્‌ના પ્રેમી છીએ. ઓમ્‌નાં ચિત્રો રાખીએ છીએ. તમારી ઇચ્છા હોય તો તમને પણ આપું."

તેઓ કહે કે પણ બાપજી! હવે ધીરજ નથી રહેતી. ગુરુજી કહે કે—

"રે મન મુરખ તૂ, હોતા કયોં અધીર ?
પીછે બાલક જન્મ લે, આગે ઊપજત ખીર !"

"આપણો તો હજુ જન્મેય નહોતો થયો ત્યારે જેણે આપણી ચિંતા કરી કે આ બાળક જન્મશે ત્યારે શું ખાશે? તેના મોઢામાં દાંત નહિ હોય તે શું ખાઈ શકશે? તેને પોષણ કયાંથી મળશે? અને તેમણે માતાનાં સ્તનોમાં દૂધની ઉત્પત્તિ કરી. પછી આપણો જન્મ થયો. માટે બધું જ પરમાત્મા ઉપર છોડીને કર્તવ્ય કર્મ કર્યે જાવ. સુખનો સમય પૂરો થાય છે ત્યારે જેમ એક ક્ષણ માટે પણ સુખ ઊભું નથી રહેતું તેમ દુઃખનો સમય પૂરો થશે ત્યારે તે પણ ક્ષણ માટે પણ ઊભું નહિ રહે. લ્યો આ ઓમનું ચિત્ર. ભગવાન દયાળુ છે. હવે તમે જાવ."

તેમની પાસે ઊભેલી અઢાર વીસ વર્ષની તેમની પુત્રી સામે હાથ લંબાવીને તે ભાઈ બોલ્યા કે બાપજી, આને આવેશ જેવું રહ્યા કરે છે. આ સાંભળીને બેચાર મિનિટો માટે તો ગુરુદેવ મૌન જ રહ્યા. મુખ ઉપર કોઈ જ ભાવ નહિ, જાણે હૃદયમાં ઊંડા ઊતરી ગયા. પછી એ દીકરી સામે જોઈને બોલ્યા કે બેસ નીચે. તારું નામ શું? તે દીકરી જવાબ આપવાના હોશમાં હોય તેવું ન લાગ્યું. તે મૂંગી જ બેસી રહી. પૂજ્યશ્રીનો અમોઘ વાણીપ્રવાહ શરૂ થયો—

"ધ્યાનપૂર્વક સાંભળજે. આપણે ધ્યાન, જપ, તપ, વ્રત વગેરે કરીએ છીએ તેનાથી શરીરમાં કલ્યાણકારી ઉષ્ણતા પેદા થાય છે. ઉષ્ણતા પેદા થવી જ જોઈએ. તે ઉષ્ણતા તેનું પ્રમાણ છે કે આપણે જે સાત્ત્વિક—પવિત્ર ક્રિયાઓ, પ્રવૃત્તિઓ કરી રહ્યા

છીએ તે બધું બરાબર થઈ રહ્યું છે. તે ઉષ્ણતાથી સૂક્ષ્માતિસૂક્ષ્મ નાડીઓ શુદ્ધ થાય છે અને અધ્યાત્મમાં આગળ વધવાની ભૂમિકા બંધાય છે. તાવ આવવાથી જેવી કષ્ટદાયક ઉષ્ણતા હોય છે તેવી તે નથી હોતી. મધ્ય સ્થાનમાંથી વધતી વધતી તે ઉષ્ણતા શરીરના છેડાએ અને રોમ છિદ્રો સુધી પહોંચે છે ત્યાં સુધી શરીરની અંદર જ રહીને શુદ્ધિનું કાર્ય કરે છે. પણ જ્યારે તે અતિશય વધી જાય છે ત્યારે રોમ છિદ્રો દ્વારા શરીરની બહાર નીકળવા લાગે છે, જેથી શરીર ખૂબ ક્રિયાત્મક થઈ જાય છે, જેને આપણે “આવેશ” અથવા “ધૂણવું” અથવા ભૂત–પ્રેતનો વળગાડ કહી નાખીએ છીએ. તે ઉષ્ણતા જેટલા વેગથી અને જેવા વેગથી શરીર બહાર ફેંકાય છે તેટલા અને તેવા પ્રકારે શરીર ક્રિયાત્મક થાય છે કે જે શરીરવિકૃતિઓને આપણે અનેક નામે ઓળખાવીએ છીએ. આવી સ્થિતિમાં વધુ સમય માટે બેદરકાર રહેવાથી આમાંથી ગાંડપણનો રોગ પણ લાગુ થઈ શકે છે. જમા થયેલો ઉષ્ણતાશક્તિનો જથ્થો બહાર ફેંકાઈને સંપૂર્ણ ખલાસ થઈ જતાં શરીર શાંત અને પૂર્ણ શિથિલ થઈ જાય છે. સમયના અમુક અમુક અંતરે આ પ્રમાણે થયા કરે છે.

“આ બધું અયોગ્ય થાય છે. આ પ્રમાણે ન થવા દેવું જોઈએ. આ વાતને દૂધના દૃષ્ટાંતથી વધુ સમજવાનો પ્રયત્ન કરીએ. દૂધની તપેલીને ચૂલા ઉપર મૂકીએ છીએ દૂધને જંતુરહિત કરવા માટે. ચૂલાના અગ્નિની ઉષ્ણતા–શક્તિ જેમ જેમ દૂધમાં જમા થતી જાય છે તેમ તેમ દૂધમાં ઊભરો આવતો જાય છે, ધીરે ધીરે દૂધ તપેલીના કાંઠા સુધી આવી જાય છે. હવે તપેલીને ચૂલા પરથી હટાવી લેવી જોઈએ અથવા ચૂલામાંના અગ્નિને દૂર કરવો જોઈએ. જો એમ ન

કરવામાં આવે તો બધું દૂધ ઊભરાઈને બહાર નીકળીને અગ્નિમાં સ્વાહા થઈ જાય છે. જે અગ્નિ દ્વારા દૂધ નીરોગી કરવાનું હતું, વિવેકના અભાવે તે તેનાથી જ નાશ થઈ ગયું.

"શુદ્ધિકારક ઉષ્ણુતાશક્તિ શરીરની બહાર નીકળવા લાગે ત્યાર પહેલાં જ તેના પર કાબૂ કરી લેવો જોઈએ. તો જ લાભકર્તા છે. જો કાબૂ કરવામાં નહીં આવે અને અવારનવાર તેના ઝપાટા લાગતા રહેશે તો શરીર ચીંથરા જેવું થઈ જશે. તે શક્તિ બહાર ફેંકવાની તૈયારી કરે ત્યાર પહેલાં જ ચેતી જવું. કાંટાથી કાંટાને કાઢી નાખવો. જે શક્તિથી ઊભરો ચડયો હતો તે જ શક્તિની સહાયતાથી તેના પર કાબૂ કરી લેવો."

તે કુટુંબ પૂ. શ્રી પાસેથી ઓમનું ચિત્ર લઈને વિદાય થયું. ચારેક દિવસ પછી તેમનો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું કે આપે કહ્યું કે ભગવાન દયાળુ છે, તે સૌને સહાય કરે છે, પણ અમે તો આપને જ ભગવાન સમજીએ છીએ. અમને આશિષ આપજો.

વાહ, મનુષ્ય સ્વભાવની વિચિત્રતા!

□

## મારા પ્રેમીઓ મારી કમાણી છે!

એક લગ્નમાં આશીર્વચન આપવા પૂ. શ્રીને નારાયણપુરા જવાનું થયું. સામે જ પૂ. શ્રીના અનન્ય પ્રેમી શ્રી ચંદાભાઈ અને શ્રી નંદુભાઈ રહે. તેઓને ખબર પડી ગઈ કે ગુરુદેવ

અહીં પધાર્યા છે પછી તેઓ ઝાલ્યા રહે? પૂ.શ્રીની અતિ આગ્રહપૂર્વક પોતાના ઘરે પધરામણી કરી. ઘરનાં સર્વેએ નારાયણ (નમસ્કાર) કરતી વખતે ફળ, શ્રીફળ અને સો-સોની નોટો પૂ.શ્રીના ચરણોમાં મૂકી. નિયમ પ્રમાણે પૂ.શ્રીએ તે બધી નોટો પ્રસાદી તરીકે પાછી આપી દીધી. એટલે શ્રી નંદુભાઈ ગળગળા થઈને કહે કે—

"આ એક વખતે તો રાખો બાપુ, આ વખતે તો રાખો."

પૂ.શ્રીએ કહ્યું — "તમે સૌ આખેઆખા જ જ્યાં મારા છો ત્યાં આ ત્રણસો–ચારસોની નોટોની શું કિંમત છે? તમારી કમાણી તો નોટો છે પણ મારી કમાણી તો તમે સૌ મારા પ્રેમીઓ છો."

શ્રી ચંદાભાઈ બોલી ઊઠ્યા — "પહેલી વખતે બાપુ આપણા ઘરે પધારેલા ત્યારે ખૂબ ઠાઠથી પધારેલા."

હાજરજવાબી બાપુ પાસે જવાબ હાજર જ હતો— "મારા પ્રેમીઓ ક્યાં જેમ તેમ છે? તેઓ મને ઠાઠથી બોલાવે તો હું ઠાઠથી જ આવું ને?"

સાંભળીને સૌ જોરથી હસી પડ્યાં.

□

## ગુરુચરણ–સ્પર્શ–રહસ્ય

નિયમ મુજબ, ધર્મમેઘના પ્રાંગણમાં પૂ. ગુરુદેવ યોગભિક્ષુજી મહારાજ, સાંજના સમયે ખુરશી ઉપર બેઠા છે. તે વખતે સાધિકા કૃષ્ણાબેન અને તેમની જોડે એક બીજાં બેન

પ્રવેશ્યાં. પૂ. શ્રીને નારાયણ કરીને બેઠાં. સત્સંગની વાતો શરૂ થઈ. કૃષ્ણાબેન પૂ. શ્રીને કહે કે—

" આપ ઉષાબેનને ત્યાં પધારેલા ત્યારે મને એક દિવ્ય અનુભવ થયેલો. હું આપને નમસ્કાર કરવા આવી ત્યારે મેં મારા એક હાથથી આપના ચરણનો સ્પર્શ કર્યો ને મારા પૂરા હાથમાં ઝણઝણાટી ફેલાઈ ગઈ. જતી વખતે ફરીને નમસ્કાર કરવા આવી ત્યારે વિચારતી હતી કે એક હાથથી સ્પર્શ કર્યો તોય આવો સુખદ અનુભવ થયો, તો જો બંને હાથથી સ્પર્શ કરું તો–તો શું–શું થાય ? ફરીને પણ એક હાથથી જ સ્પર્શ કર્યો."

સાંભળીને પૂ.શ્રી હસી પડયા. હસતાં હસતાં જ વાણી —ગંગા વહેવા લાગી—

"બંને હસ્તથી સ્પર્શ કર્યો હોત તો શું થાત ? કાંઈ જ નહીં. તો, પ્રવાહ એક હાથથી તમારામાં પ્રવેશત અને બીજા હાથ દ્વારા પાછો બાપુમાં પ્રવેશી જાત. તમારામાં અને બાપુમાં એ પ્રવાહ વર્તુલાકારે પ્રવાહિત થાત. તે વખતે ઝણ-ઝણાટીનો અનુભવ જ ન થાય. અધૂરો ઘડો છલકાય. પૂર્ણ ભરેલા ઘડામાં આઘાપાછા થવાની ક્યાંય જગ્યા જ રહેતી નથી. આ રહસ્ય પણ સમજવા જેવું છે.

"વિદ્યુત વર્તુલાકારે ફરવા લાગે છે ત્યારે જ ગોળાનો (બલ્બનો) તાર પ્રકાશિત થઈને પ્રકાશ ફેંકવા માંડે છે. જો પ્રવાહ અખંડ ન રહે તો ઝબકારા થયા કરે. સમર્થ ગુરુજનો આપણા મસ્તકે સ્પર્શે છે ત્યારે તેમનો વિદ્યુતપ્રવાહ આપણામાં પ્રવેશે છે. તે વખતે આપણે તેમનો ચરણસ્પર્શ કરીએ છીએ. તે વખતે એ પ્રવાહ પાછો તેમનામાં પહોંચે છે. આ રીતે

એક વર્તુલ પૂરું થાય છે. આપણામાં અને ગુરુદેવમાં તે પ્રવાહ વર્તુલાકારે જ્યારે ફરવા લાગે છે ત્યારે ઝણઝણાટી કે ઝબકારા જેવી કોઈ અનુભૂતિ નથી થતી, પણ તેથી તો સાચા જ્ઞાનના ઉદયરૂપી કાયમી સ્થિર અનુભૂતિ થાય છે. તે જ ખરી પ્રાપ્તિ છે. અસ્થિર અને ગૌણ અનુભૂતિઓથી ઉત્સાહ જરૂર વધે છે પણ ત્યાં જ અટકી જવાનું નથી.”

ગુરુદેવના મુખેથી આવું ગુહ્ય રહસ્ય સાંભળીને સાંભળનારાં જાણે સમાધિસ્થ થઈ ગયાં.

□

## હજુ તો ઘણાં કબાટો ખોલાવવાનાં છે !

લગભગ બે વર્ષ પહેલાં, ગુરુદેવ કેદારેશ્વરમાં ચાતુર્માસ રહેલા. સાથે ઉષાબેન તથા શ્રી ગુરુધ્યાનભિક્ષુ પણ હતાં. ત્યાંથી પૂ. શ્રીની વિદાયની વેળા થઈ ત્યારે બંને બેન-ભાઈની ઇચ્છા, ગુરુદેવની પધરામણી પોતાનો ત્યાં કરાવવાની હતી. પૂ.શ્રીએ તેમની બંનેની વિનંતીનો સ્વીકાર કર્યો. કહ્યું કે પ્રથમ ડાકોર ગુરુધ્યાનભિક્ષુને ત્યાં અને પછી અમદાવાદ ઉષાબેનને ત્યાં. કેદારેશ્વરથી સીધા ડાકોર ગયા.

પૂ. શ્રીની પધરામણીથી, શ્રી ગુરુધ્યાનભિક્ષુજીના આખા પરિવારનો આનંદ–ઉત્સાહ હેલે ચડયો. તે વખતે એક બહેને યોગનાં એવાં સુંદર ભજનો ગાયાં કે પૂ. શ્રી ભાવવિભોર થઈ ગયા.

બીજે દિવસે બપોરે પૂ. શ્રી ભોજન કરવા બેઠા. બધો પ્રસાદ ચાંદીના વાસણોમાં પીરસેલો હતો. તે વાસણો તરફ હાથ લંબાવીને પૂ. શ્રી કહે–

"આ બધું શું? આ (ચાંદીનાં વાસણો)નો તો અમને ખૂબ ડર લાગે છે. ન જાણે ક્યારે માર ખવરાવે!"

ભાઈ ખુલાસો કરતાં કહે: "ગુરુદેવ! ઠાકોરજીના પ્રસાદનાં વાસણો કબાટમાં પડ્યાં હતાં. ઘણી વખત આ વાસણોની જરૂરત પડે પણ કબાટ ખૂલે જ નહીં. ખોલવા માટે ઘણો પ્રયત્ન કરેલો પણ ચાવી હોવા છતાં ખૂલે જ નહીં. આજે પણ એમ થયું કે પ્રયત્ન કરી જોઉં અને મારા હર્ષ–આશ્ચર્ય વચ્ચે પ્રથમ મામૂલી પ્રયત્ને જ કબાટ ખૂલી ગયો. હવે મને સમજાયું કે ઠાકોરજી પધાર્યા એટલે જ તેમના વાસણનો કબાટ ખૂલ્યો." આટલું બોલીને, હાથ જોડીને ભાઈ એક બાજુ ઊભા રહી ગયા. પછી ગુરુદેવે માર્મિક રીતે ખુલાસો કર્યો—

"અરે ભાઈ! જ્યારે ગુરુ–સંતકૃપા થાય છે ત્યારે તો, જેની ચાવી ખોવાઈ ગઈ છે તેવાં કબાટો અને જેની ચાવી છે જ નહીં એવાં કબાટો પણ ખૂલી જાય છે તો જેની ચાવી મોજૂદ છે, પણ કાટ વગેરે કારણોસર જે કબાટો બંધ પડ્યાં છે તેને ખૂલતાં શી વાર!"

પોતે અને સાંભળનારા સૌ ખડખડાટ હસી પડે છે.

□

## નિર્દંભ ગુરુદર્શન નિષ્ફળ કદી નહીં

ત્રીજે દિવસે સાંજે, ત્રીજે માળે પૂ.શ્રી આરામ કરતા હતા. નીચેથી ગુરુધ્યાનભિક્ષુજી ઉપર આવ્યા. કહે કે—

"નીચે મહિલામંડળ આવ્યું છે, સૌને આપનાં દર્શનની ઇચ્છા છે. સૌ ઉપર આવે કે આપ નીચે પધારશો?"

ગુરુજી કહે—"તે સૌ ઉપર આવવાનું કષ્ટ કરે તેના કરતાં હું એક નીચે આવું તે શું ખોટું છે?" પોતે નીચે પધાર્યા. બહેનોએ ખૂબ ઉમળકાભેર ધૂન, ભજનો વગેરે ગાયાં. સભા વિસર્જન થઈ પછી પૂ. શ્રી ઉપર ગયા. ધ્યાન-ભિક્ષુને પૂછવા લાગ્યા—

"મહિલામંડળનો આ ઓચિંતો સત્સંગ ક્યાંથી ગોઠવાઈ ગયો? મને તો બિલકુલ જાણ જ કરી નહીં?"

ભિક્ષુજી કહે—"ગુરુદેવ, પ્રથમ દિવસે જે બહેને યોગનાં ભજનો ગાયાં હતાં તેમણે અતિ હર્ષમાં આવી જઈને, ઓચિંતો જ સત્સંગ મેળાવડો ગોઠવી દીધો. તે બહેને તેમના આનંદનું કારણ મને આ પ્રમાણે કહ્યું–

તે બહેન–"રોહિતભાઈ! મારા ઘરમાંથી, ઘણા સમયથી ઠાકોરજીના દાગીના ગુમ થયા હતા. ઘણો પ્રયત્ન કર્યો પણ પત્તો લાગેલો નહીં. જે દિવસે ગુરુજી પધાર્યા તે દિવસે મેં ખૂબ પ્રેમથી ભજનો ગાયાં. કોણ જાણે કેમ પણ મને એવી ભાવોર્મિ ચડેલી કે ભજન ગાયા જ કરું એમ થાય. સત્સંગ પૂરો થયો એટલે હું ઘરે ગઈ. બારણું ખોલું છું તો શું જોઉં છું!! દાગીનાની પોટલી પડી છે! મારા

તો હર્ષ–આશ્ચર્યનો પાર ન રહ્યો. એ જ વખતે મને પૂર્ણ શ્રદ્ધા અને ખાતરી થઈ ગઈ કે ગઈ કાલે પૂ. ગુરુદેવ યોગભિક્ષુજી મહારાજનાં દર્શન કર્યાં તેનું જ આ શુભ ફળ છે. તે દિવસથી મારા હૃદયમાં નોંધાઈ ગયું કે દંભરહિત થઈને કરેલું સંતદર્શન અમોઘ ફળને આપનારું છે.”

□

## સકામતાના બોજા તળે જીવનને શા માટે ચગદી નાખવું?

ગુરુદેવ બે માસ ગળતેશ્વર બિરાજેલા. તે દરમિયાન રોહિતભાઈએ સેવાનો ખૂબ લાભ લીધેલો. ગુરુદેવના ગળતેશ્વર નિવાસની સ્મૃતિ કાયમ રહે અને પૂ. શ્રીના નિવાસ દરમિયાન જે જે પ્રેમીઓ ગળતેશ્વર ન આવી શક્યા હોય તેમને પણ લાભ મળી શકે એવું ઘણું બધું તે ગાળામાં, રોહિતભાઈએ કર્યું તે આપણે સૌ જાણીએ છીએ અને હજુ તેમના તેવા પ્રયત્નો ચાલુ જ છે.

ગળતેશ્વરથી અમદાવાદ આવવાનો ગુરુદેવનો સમય જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ રોહિતભાઈ, ગુરુદેવને પોતાને ત્યાં પધારવાની અતિ આગ્રહયુક્ત વિનંતિઓ કરવા લાગ્યા. તેમની ઇચ્છા પૂ. શ્રી પાસે ગાયત્રી–મારુતિ હવન કરાવવાની પણ હતી. રોહિતભાઈની હવન કરાવવાની ઇચ્છા ગળતેશ્વર મુકામે હતી. તેઓ જ્યારે જ્યારે આ વાતનો આગ્રહ કરે ત્યારે પૂ.શ્રી કહે કે હવન કરાવવો હોય તો તમારા ઘરે જ

કરાવો, અહીં નહીં. રોહિતભાઈ કારણ બતાવે કે ઘર ઘણું સાંકડું છે અને આમ પરિવાર ઘણો મોટો છે તેથી સમાય નહીં. પૂ. શ્રી કહે કે મકાન ભલે સાંકડું રહ્યું પણ તમારું હૃદય ઘણું વિશાળ છે તે અમે સૌ જાણીએ છીએ. વળી, આપણો આ હવન મનશુદ્ધિ અને ગૃહશુદ્ધિ માટે છે તેથી આપણે જ્યાં રહેતા હોઈએ ત્યાં જ કરવો વધુ ઉચિત ગણાય.માટે ઘરનાંની સર્વેની સંમતિ લઈને સ્વગૃહે જ રાખો. છેવટે તેમના ઘરે જ હવન કરવાનું નક્કી થયું. શ્રાવણ માસ હોવાથી પૂ. શ્રી રોજ ગળતેશ્વર દાદાને જલાભિષેક કરવા જતા. શ્રાવણ માસ પૂરો થવાને માત્ર બે દિવસ જ બાકી રહ્યા હતા. તેથી પૂ. શ્રીએ કહ્યું કે ડાકોરથી રોજ સવારે મારે અભિષેક કરવા અહીં આવવું પડશે. બસમાં કેટલો સમય લાગે? રોહિતભાઈ કહે કે બસમાં બહુ તકલીફ પડે, રોજ ગાડી (કાર)માં આવીશું.

"ગાડીમાં કેટલા પૈસા થાય?"

"લગભગ આટલા."

"તો તો તેટલા રૂપિયામાંથી ભૂખ્યાને ભોજન કરાવીશું. આપણે તો બસમાં જ આવીશું."

"બન્ને કરીશું. ગાડીમાંય આવીશું અને તેટલા રૂપિયાનું ભોજન પણ કરાવીશું."

પૂ. શ્રી ડાકોર પધાર્યા. નિયમ મુજબ બીજે દિવસે સવારે અભિષેક માટે ગળતેશ્વર જવાનું હતું. પૂ. શ્રીએ બસનો આગ્રહ રાખ્યો પણ તોય રોહિતભાઈ ગાડી લઈ આવ્યા. ગુરુદેવ ગાડીમાં રવાના થયા. અડધે પહોંચ્યા ત્યાં સુધીમાં તો એવો મુશળધાર વરસાદ આવ્યો કે ગાડીનાં

આખા પૈડાં ડૂબી જવા લાગ્યાં. મંદિર થોડું દૂર રહ્યું ત્યાં ડ્રાઇવરે ના પાડી દીધી કે બાપજી, ગાડી માટે હવે જોખમ છે. ત્યાં જ ગાડીને ઊભી રાખી દીધી. અમે લેફ્ટરાઇટ કરતા ચાલવા લાગ્યા. ચારે બાજુ એટલું પાણી ભરાઈ ગયેલું કે રસ્તો સૂઝે નહીં. મહામુસીબતે મંદિર સુધી પહોંચ્યા. અભિષેક પતાવ્યો, ત્યાં બસ આવી. આટલા પાણીમાં બસ સિવાય બીજું નાનું વાહન જઈ શકે તેમ નહોતું તેથી ગુરુદેવ બસમાં ચડી ગયા. રેલ્વેફાટક પાસે અમારી નાની ગાડી ઊભી હતી. સાથેના એક માણસને ત્યાં ઉતારી દીધો કે જેથી નાની ગાડીના ડ્રાઇવરને મદદ કરી શકે. આ રીતે બસમાં ડાકોર પહોંચ્યા. એ વખતે ગળતેશ્વરમાં તો મહીસાગર ગાંડો થયેલો. જાણે હમણાં મંદિરને ખેંચી જશે!

શ્રી રોહિતભાઈની ઇચ્છા પ્રમાણે ગુરુપુષ્યામૃત યોગમાં ગાયત્રી–મારુતિ હવન પ્રારંભ કરી દેવાનો હતો. તેથી બસમાંથી ઊતરીને પૂ. શ્રી ઝડપથી રોહિતભાઈના ઘર ભણી જઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં જ એક દંપતી વચ્ચે ઊભેલું. ઉમરેઠથી તેઓ અવારનવાર પૂ. શ્રીનાં દર્શને આવતાં હતાં. તેમને, પૂ. શ્રી દ્વારા, ગુરુપુષ્યામૃતમાં ગૌપૂજા કરાવવાની હતી. તેમને કોઈએ કહ્યું હશે કે પરમ પવિત્ર વ્યક્તિ દ્વારા ગૌપૂજા કરાવો તો તમારી મનોકામના અવશ્ય સફળ થશે. ગળતેશ્વરમાં તેઓએ પૂ. શ્રીને આ વાત કરેલી ત્યારે પૂ. શ્રીએ કહેલું કે તમે મને જેવો પવિત્ર માનો છો તેવો હું નથી. તેઓ કહે કે આપ જેવા હો તેવા, અમારા મનથી પરમપવિત્ર છો, આટલી અમારા ઉપર દયા કરો. પૂ. શ્રી કહે કે આમાં દયા કરવાની કાંઈ વાત નથી. મારા દ્વારા ગૌપૂજા કરવાથી તમારી ઇચ્છા પૂરી થતી હોય તો મને કાંઈ

વાંધો નથી. પૂજાવિધિ વગેરે હું કાંઈ જાણુતો નથી. તે માટે કોઈ ભૂદેવને રોકી લેજો.

આમ આગળથી નક્કી કર્યા મુજબ તે પતિ–પત્ની રસ્તામાં જ ઊભાં હતાં. તેઓ પૂ. શ્રીને ગૌશાળા લઈ ગયાં અને પોતાની ઇચ્છા પૂરી કરી. ત્યાંથી સીધા જ પૂ. શ્રી રોહિતભાઈને ત્યાં આવ્યા અને હવનનો પ્રારંભ કર્યો. વરસાદ જે મુશળધાર ચાલુ હતો, અને તેથી ડાકોર ખાલી કરાવવાના ભણુકારા વાગી રહ્યા હતા; તે, તે વખતે બંધ રહી ગયો. તેથી જે ખુરશીઓ લાવી રાખી હતી તે બહાર ગોઠવી શકાણી. ખૂબ આનંદથી હવન પૂરો થયો. જો કે દૂર દૂરથી, બહાર-ગામથી જે માણસો હવન માટે ડાકોર આવવા નીકળ્યા હતા તેઓ કોઈ પહોંચી શક્યા નહીં. કોઈ આણંદ રોકાઈ ગયું, તો કોઈ ઉમરેઠ રોકાઈ ગયું. મુંબઈથી આવનારા વડોદરા રોકાઈ ગયા. ગામડેથી આવનારા કોઈ કોઈ વગડામાં ઝાડ નીચે પડચા રહ્યા. બધી જ બસો અને ગાડીઓ બંધ થઈ ગઈ હતી.

એક વખત બધા પ્રેમીઓ સાથે પૂ. શ્રી બેઠા હતા ત્યારે કોઈએ પૂછ્યું કે ગુરુદેવ! આટલો બધો વરસાદ આવવાનો હતો તેની આપને ખબર પડી ગઈ હતી ને? તેથી જ આપે, રોહિતભાઈનો અતિ આગ્રહ હોવા છતાં, ગળતેશ્વરમાં હવન કરવાની દઢતાપૂર્વક ના પાડયે જ રાખી! જો ગળતેશ્વરમાં હવનની આપે હા પાડી હોત તો આપણું કેટલું બધું માણુસ તણાઈ જાત! પૂ. શ્રી કહે—

"અરે ભાઈ! જો મને એવી ખબર પડતી હોત તો તો શું જોત? તો તો ચોખ્ખે ચોખ્ખું ન કહેત કે ખૂબ વરસાદ

પડવાનો છે માટે અહીં હવન નથી જ કરવો. મેં તો મારી દૃષ્ટિએ ના પાડેલી. "કાગનું બેસવું અને ડાળનું પડવું" થઈ ગયું તેથી તમે સૌ પ્રેમીઓ ચોકકું બેસાડી દેવાના. કુદરત આપણને સહાય કરતી જ હોય છે. માનવસર્જન દુઃખ માટે નથી, સચ્ચિદાનંદની પ્રાપ્તિ માટે છે. આપણે અલ્પમતિ છીએ તેથી આપણી ઇચ્છા મુજબની ફળપ્રાપ્તિને કુદરતની સહાય કહીએ છીએ, ગુરુની કૃપા કહીએ છીએ; પણ જ્યારે અલ્પજ્ઞ–કામનામય ફળની પ્રાપ્તિ થતી નથી ત્યારે તેમાં કુદરતની કે ગુરુદેવની સહાયતા કે કૃપા જોઈ શકતા નથી. આ આધ્યાત્મિક દરિદ્રતા કહેવાય."

રોહિતભાઈની બધી પ્રવૃત્તિ નિષ્કામ હતી અને ગૌપૂજા-વાળા ભાઈની સકામ હતી, તોયે ભગવાને બન્નેની ઇચ્છા પૂરી કરી. તેથી તો પૂ. શ્રી અવારનવાર કહ્યા કરે છે કે— "તમે ઇચ્છો કે ન ઇચ્છો તોય દરેક કર્મનું ફળ અવશ્ય મળ-વાનું જ. આવો કર્મનો અટલ નિયમ છે. જો આવો નિયમ હોય તો શા માટે બધાં કર્મો નિષ્કામ ભાવનાથી ન કરવાં? શા માટે સકામતાના બોજા તળે જીવનને ચગદી નાખવું?"

□

## ગુરુજી! મને કાર મળે એવો આશીર્વાદ આપો

લગભગ ત્રણેક વર્ષ પહેલાંની વાત છે. તે વખતે શ્રી ગુરુપ્રેમભિક્ષુજી ભારતમાં જ હતા. તેઓ તેમના એક મિત્રને લઈને પૂ. શ્રીના દર્શને આવ્યા. તે મિત્ર બેંકમાં મોટા

હોદ્દેદાર. ભિક્ષુજીએ તે દેસાઈ સાહેબને આગળથી સૂચના આપી રાખેલી કે પૂ. શ્રીને નમસ્કાર કરીને બેસવું અને જે કાંઈ સંકલ્પ કરવો હોય તે મનમાં જ કરવો. પરંતુ મન ઉપર કાબૂ રાખવો કંઈ સહેલો છે? સાહેબ તો નમસ્કાર કરીને બેઠા. થોડી વાર તો મૌન રહી શક્યા અને પછી બોલ્યા:

"ગુરુજી! મને ગાડી (કાર) મળે એવો આશીર્વાદ આપો."

ભિક્ષુજી તો આ શબ્દો સાંભળીને જમીન ખોતરવા લાગ્યા, સાહેબ સામે જોઈને ઘણા ઇશારા કરવા લાગ્યા પણ સાહેબ તેમના સામે જુએ ત્યારે ને? તેઓ તો લાલચભરી નજરે પૂ. શ્રી સામે જ જોઈ રહ્યા હતા. પૂ. શ્રીએ જવાબ આપ્યો. જવાબમાં એક દૃષ્ટાંત આપ્યું—

"હનુમાનજીના એક ભક્ત હતા. હનુમાનજીની ખૂબ સેવા–પૂજા કરે. રોજ પ્રાર્થના કરે કે હે હનુમાનદાદા! જો લોટરીમાં સવાલાખ રૂપિયા લાગે તો તમને સવાશેર તેલ ચડાવીશ. આમ ને આમ થોડો સમય પસાર થઈ ગયો. હનુમાનજી વિચારે છે કે આને હું લોટરીનો નંબર ક્યાંથી આપું? આ ભક્ત છેવટે નિરાશ થશે અને ત્યારે મને ગાળો દેશે, અને ગાળો દેશે એટલે તેનું આગળનું સત્કર્મ પણ નષ્ટ થઈ જશે, માટે વેળાસર ચેતાવું. તેથી એક રાતે તેના સ્વપ્નામાં આવ્યા અને કહ્યું કે "ભાઈ! જો લોટરીનો નંબર આપવાની મારામાં શક્તિ હોય તો હું જાતે જ નંબર ન લગાવું? અને તે રૂપિયામાંથી તેલનો હોજ ભરાવીને તેમાં ભૂસકા ન મારું? સવાલાખના બદલામાં તારા સવાશેર તેલને શું કરું?"

ઉપરોક્ત દૃષ્ટાંત આપીને પૂ. શ્રી કહેવા લાગ્યા—

"જો કાર લાવી આપવાની મારામાં શક્તિ હોય તો હું જ કારમાં ન ફરતો હોઉં ! આ ખડખડ પાંચમ જેવી સાઇકલ શા માટે રાખું ? પરમાત્મામાં શ્રદ્ધા–વિશ્વાસ રાખો અને યોગ્ય પુરુષાર્થ–પ્રયત્ન કરો. સફળતા મળશે જ."

ત્યારે પછી થોડા સમયે દેસાઈ સાહેબે કાર લીધી. પોતે જે હોદ્દા ઉપર હતા તેથી ઉપરના હોદ્દા માટે તેમણે અરજી કરેલી. તે હોદ્દા માટે ઘણી અરજીઓ આવેલી. સમય પસાર થતો ગયો તેમ તેમ તેમને ખાતરી થતી ગઈ કે પોતે ઉપરના હોદ્દા ઉપર આવી શકશે નહીં. તેથી પોતે નિર્ણય કરી લીધો કે કોર્ટમાં લડી લઉં, હું કેમ ન આવું ? એ વખતે પૂ. શ્રી કેદારેશ્વર ચાતુર્માસ માટે હતા. દેસાઈ સાહેબે નક્કી કર્યું કે કેદારેશ્વર જઈને ગુરુજીનાં દર્શન કરી આવું, પછી કોર્ટમાં લડી લઉં. તેઓ સહકુટુંબ કેદારેશ્વર આવ્યા. બનતાં સુધી તે દિવસે ગુરુપૂર્ણિમા હતી. વિધિપૂર્વક ગુરુ-પૂજન પતાવીને, પ્રસાદ લઈને તેઓ અમદાવાદ આવ્યા. બીજે દિવસે નોકરી ઉપર હાજર થતાં જ સ્ટાફના માણસો બોલી ઊઠચા કે સાહેબ ! પેંડા ખવરાવો, તમે આવી ગયા છો. આ સાંભળીને સાહેબની ખુશીનો કોઈ પાર રહે ! તેમનો ગુરુપ્રેમ હિલોળે ચડચો. ગુરુસંતો ઉપરની તેમની શ્રદ્ધા અતિ દૃઢ થઈ ગઈ. ગુરુદેવ આવા પ્રસંગોએ કહે છે કે—

"લોકોને ભૌતિક લાભો પ્રાપ્ત થાય છે ત્યારે જ સંત-ગુરુ–પ્રભુ તરફ શ્રદ્ધા–વિશ્વાસ વધે છે. તેટલું જ પૂરતું નથી, સામાન્ય સંજોગોમાં પણ તે શ્રદ્ધા–વિશ્વાસ કાયમ રહેવાં જોઈએ. તો જ સાચાં ગણાય, તો જ સાચું જ્ઞાન અને સમજણ પ્રાપ્ત થયાં કહેવાય."

ત્યાર પછી થોડા સમયે દેસાઈ સાહેબ પૂ. શ્રીનાં દર્શનાર્થે ધર્મમેઘમાં આવ્યા. નિયમ મુજબ એ વખતે પૂ.શ્રી ધ્યાનગૃહમાં હતા. લગભગ સાડા નવ વાગ્યા હશે. દેસાઈ આવ્યા છે એમ ખબર પડતાં ગુરુદેવ ધ્યાનગૃહમાંથી બહાર પધાર્યા, ખુરશી ઢાળીને બેઠા. દેસાઈજી સામે ચટ્ટાઈ પર બેઠા. પૂ. શ્રી બોલ્યા—

"આજે કેમ સવારમાં ?"

પૂ. શ્રી લગભગ સવારે દસબાર વાગતાં સુધી નિત્ય-નિયમમાં હોય છે તેથી તે વખતે કોઈ પરિચિતો આવતા નથી. કોઈક વાર અપરિચિતો આવી જાય. ફૂલમાળા તરફ હાથ લંબાવીને પૂ. શ્રીએ કહ્યું કે—

"આ બધું લઈને કેમ આવ્યા છો ?"

દેસાઈ સાહેબે કહેવા માંડ્યું—"બન્યું એવું કે ચારેક દિવસ પહેલાં મારી કાર ચોરાઈ ગઈ. બધા કહેવા લાગ્યા કે ફરિયાદ કરો. પણ કોણ જાણે કેમ, મારા મનમાં કાંઈ ચિંતા જ ન થાય ! ગઈ કાલે કારના સમાચાર આવ્યા કે અમુક જગ્યાએ પડી છે, જઈને લઈ આવો. હું લેવા ગયો. ગાડી બિલકુલ પહેલાં જેવી જ. કોઈ નુકસાન નહીં. ગાદી, કવર વગેરે બધું અકબંધ, એક વસ્તુ પણ ગયેલી નહીં. બેસતા વર્ષના દિવસે આપે જે "ઓમ્ ગુરુ ઓમ્"નું સ્ટીકર કાર ઉપર લગાવેલું, ફક્ત તે જ નહીં. બાકી બધું જ જેમનું તેમ !"

પૂ. શ્રી દેસાઈ સાહેબની વાત સાંભળીને ખડખડાટ હસી પડ્યા, બોલ્યા—

"કાર લઈ જનારા બુદ્ધિમાન તો ખરા ! "સારસાર કો

ગ્રહી રહે, થોથા દીયે ઉડાઇ"ની જેમ એમ ગુરુના સ્ટીકર-રૂપી સાર લઈ લીધો અને આ લોખંડનો માલસામાન રહેવા દીધો, ગર્ભ હતો તે ખાઇ ગયા અને છોતરાં હતાં તે ફેંકી દીધાં. શાબાશ !"

દેસાઈ સાહેબ કહે—"સ્ટીકર ફરીને લગાડી આપો. એટલા માટે આજે આવ્યો છું."

પૂ. શ્રી કહે—"તે માટે તો બેસતા વર્ષે જ આવવું જોઈએ, તે દિવસે લગાડીશું."

દેસાઈ સાહેબ નમસ્કાર કરીને હસતા હસતા વિદાય થયા.

□

## ત્રણ આંગળની બીડી પાંચ હાથની કાયાને ઉઠાડે ?!

ખંડેરાવપુરા(તા. કડી) એ પૂ. શ્રીની સાધનાભૂમિ છે. ત્યાં ખેતરમાં, સાધના માટેનું એક નાનું સ્થાન, પૂ.શ્રી માટે ભક્તોએ–પ્રેમીઓએ બનાવી આપ્યું છે. તેનું નામ છે યોગ–સાધના કુટીર. પહેલાં, દર શિયાળામાં પૂ.શ્રી લગભગ ત્યાં રહેતા. આખા ગામ જોડે કુટુંબ જેવો સંબંધ. જો સ્વીકૃતિ મળે તો ગામમાંથી સૌ પ્રેમીઓ કુટીરે બેસવા આવે. ભજન–સત્સંગ ચાલે. પૂ.શ્રીના એક ખાસ પ્રેમી જેમનું નામ નાથાભાઈ ભગત. ભજનના ખૂબ રસિયા.

ચોહાર (ચાર ભજન) કરવાનો એમનો પાકો નિયમ. પૂ.શ્રી કુટીરે બિરાજતા હોય ત્યારે તો નાથાભાઈ ચોહાર કરવા કુટીરે જ આવે. બીડીના પાકા બંધાણી. થોડી થોડી વારે બીડી પીવા જોઈએ. કુટીરમાં બીડી પીવાની મનાઈ, એટલે બીડીની તલપ લાગે ત્યારે બહાર જઈને પી આવે.

એક વાર એવું બન્યું કે બરાબર સત્સંગસભા જામી છે, ભજનો ઉપર ભજનો બોલાઈ રહ્યાં છે, ત્યાં નાથાભાઈ પ્રવેશ્યા. ચાલુ ભજન પૂરું થયું એટલે નાથાભાઈ બોલ્યા—

"બાપુ! (ત્યાં પૂ.શ્રીને સૌ બાપુ કહે છે) જે બોલાવો."

કોઈને કાંઈ નિયમ લેવો હોય કે કાંઈ વ્યસન-દુર્ગુણ છોડવાં હોય ત્યારે સભા સમક્ષ બાપુ કહે કે અમુક ભાઈએ આ નિયમ લીધો કે આ વ્યસન-દુર્ગુણ છોડયાં, બોલો, સત્ય ગુરુ દેવકી જય; ધર્મગુરુ દેવકી જય. આવા અર્થમાં નાથાભાઈએ કહ્યું કે બાપુ જે બોલાવો. આમ તો પૂ.શ્રી કદી કોઈને પોતાના મોઢેથી તો કહે જ નહીં કે તું વ્યસન મૂકી દે કે દુર્ગુણ છોડી દે. પણ બાપુ સાથે લાંબો સમય સંપર્કમાં ને નિકટમાં રહેવાથી કુદરતી રીતે જ તેને એવી પ્રેરણા અને શક્તિ પ્રાપ્ત થાય કે વ્યસન મૂકી દેવાનું મન થાય. પૂ.શ્રીએ નાથાભાઈને પૂછ્યું—

"કેમ ભગત! આજે શેની જે બોલાવવી છે?"

"બાપુ! આજથી બીડી બંધ."

"વાહ! આ તો ઘણી સારી વાત કરી! પણ દેખાદેખી કે આવેશમાં આવીને કાંઈ સંકલ્પ કરીએ એ ટકે નહીં. માટે દસ દિવસ વિચાર કરો, પછી જે બોલાવીશું."

"બાપુ! પૂરે....પૂરો વિચાર કરી લીધો છે. હવે તો હદ થઈ ગઈ! બરાબર ભજનમાં રંગ જામ્યો હોય ત્યાં મારા બેટાની તલપ જાગે અને રંગમાં ભંગ પાડે. બીડી પીવા માટે ઊઠીને સત્સંગસભાની બહારે જવું પડે! ત્રણ આંગળનું આ બીડું (બીડી) મારું બેઠું, પાંચ હાથની કાયાને બહારે લઈ જાય. આખું ગામ મને ભગત–ભગત કહે અને હું ભગત આ બીડીનો! હું બજૂકો (બળવાળો) કે આ બીડી બજૂકી? જો બીડી માટે થઈને ભજન છોડીને બહારે જવું પડે તો શું સમજવું? આ બીડીનો આનંદ વધારે કે ભજનાનંદ વધારે? બાપુ! ક્યારેક ક્યારેક તો એમ થાય છે કે ધિક્કાર છે નાથા તને, આ ત્રણ આંગળની બીડીએ તને ઝુકાવી દીધો?"

પૂ. શ્રી—"નાથાભાઈ, તમારી સમજણ તો ઘણી ઊંચી છે. ઘણાંને દૃષ્ટાંત લેવા જેવી છે. પણ એમ કરો, પાંચ દિવસ પછી જે બોલાવીશું."

નાથાભાઈ—"ના બાપુ. લોઢું ગરમ થયું છે તે ઘાટ ઘડી જ નાખો. પચ્ચીસ–ત્રીસ વર્ષથી હું આપની સાથે બેસું છું. આપે કદી મને બીડી છોડવાનું નથી કહ્યું. આ તો મેં જાતે જ સંકલ્પ કરી લીધો છે.

"થોડાં વર્ષ પહેલાં મારી દીકરીનાં લગ્ન હતાં. કાપડ ખરીદવા બાજુના મેડા ગામે ગયેલો. કાપડની પોટલી બંધાવી. ત્રણસો રૂપિયા બિલ થયું. દુકાનદાર બહુ પવિત્ર હતા. તેઓ કહે કે ભગત બિલ ક્યારે આપશો? મેં કહ્યું કે એક વર્ષ પછી. તે કહે કે મારી એક વાત માનશો? તમે બીડી નહીં પીવાની પ્રતિજ્ઞા લો (આટલી વારમાં–મેં

ધણી બીડી પી નાખી હતી.) તો તમારા ત્રણસો રૂપિયા માફ. મારા ગરીબ માણસ માટે તો આ ઘણું કહેવાય, પણ મારાથી બીડી નહીં છૂટે એમ લાગવાથી તેમ કરી શક્યો નહીં.

"બીજી એક વાત કરું. બાજુના નહાણુ ગામેથી એક ગાય લાવેલો. એક વર્ષ થઈ ગયું. ધણી પૈસા લેવા આવ્યો. મારી પાસે પૈસા તો હતા નહીં. ધણી કહે કે ગાય પાછી લઈ જાઉં. ભલે ભાઈ, ના કેમ પડાય. ગાય દોરીને પાદર સુધી તેને વિદાય આપવા ગયો. રસ્તામાં એક સ્નેહી મળ્યા. તેમને બધી વાતની ખબર પડી. તે કહે કે નાથાભાઈ! આજથી બીડીની પ્રતિજ્ઞા લેતા હો તો પૈસા હું ભરી દઉં. ઘણો મોટો લાભ હતો પણ તોય મારાથી બની શક્યું નહીં. આજે તેમાંનું કાંઈ જ નથી છતાંય માંહ્યલો જ જાગી ગયો છે. હવે વાર નથી કરવી. જે બોલાવી દો."

પૂ.શ્રીએ જય બોલાવી અને સભાએ ઝીલી અને સૌ બોલ્યા—

સત્યગુરુ દેવની જય...

ધર્મગુરુ દેવની જય...

પૂ.શ્રી આ બંને જયનો અર્થ આ પ્રમાણે સમજાવતા હોય છે—

સત્યરૂપી ગુરુદેવની અને ધર્મરૂપી ગુરુદેવની જય થાઓ. જો તેમની જય છે તો જ આપણી સૌની જય થવાની છે. સત્ય અને ધર્મની આપણી જે કાંઈ વ્યાખ્યા હોય તે પ્રમાણે ચાલવાથી મહાપુરુષરૂપી માનવગુરુની પ્રાપ્તિ થાય છે. તેઓ

પાસેથી, સત્ય અને ધર્મને જીવનમાં નિરાપદ રીતે આચરી શકીએ તેની યુક્તિઓ અને પ્રયુક્તિઓ પ્રાપ્ત થાય છે.

બીડી મૂક્યા પછી થોડા સમયે નાથાભાઈએ ચા પણ છોડી દીધેલો. તેઓ અત્યારે હયાત નથી.

□

## નામ રસાયન નાનકા ચડી રહે રૈન દિન !

સાણંદ તાલુકાનું ગામ છે. ત્યાં એક ભગતજી રહે છે. ખૂબ પવિત્ર જીવન. પૂ. શ્રી સાથે તેમને ખૂબ પ્રેમ. અવાર-નવાર પૂ. શ્રી તેમના ઘરે જાય, તો અવારનવાર તેઓ પૂ. શ્રી પાસે આવે. ભગતજી તો સંપૂર્ણ નિર્વ્યસની પણ તેમના મોટાભાઈ અફીણના પાકા બંધાણી. તેથી ડાયરો જામેલો ને જામેલો જ રહે.

એક વખત પૂ. શ્રીને આ ડાયરો જોવાની ઇચ્છા થઈ, તેથી ડાયરામાં જઈને બેઠા. ડાયરામાં, ડાયરાના રિવાજ પ્રમાણે "તારા સમ ને મારા સમ, ને આટલું તો લેવું જ પડશે" વગેરે ચાલતું હતું. સૌ એકબીજાને અતિ આગ્રહથી કસુંબો (અફીણનું પાણી) પાતા હતા. કોઈ અડધી બંગલી (સાવ નાની વાટકી) તો કોઈ આખી બંગલી ભરીને પીતા હતા. એક મુરબ્બીએ પૂ. શ્રી સામે હાથ લંબાવીને કહ્યું કે બાપજી આપ થોડુંક તો લો.

પૂ. શ્રી—"થોડુંક શાં માટે? આખી બંગલી લઉં, પણ

કાંઈ વાત તો કરો કે આ લેવાથી શું થાય? લાભ સમજ્યા સિવાય મનુષ્ય ક્યાં કાંઈ કરવા તૈયાર થાય છે? અને જો લાભ સમજાવી દેવામાં આવે તો પછી ક્યાં કાંઈ કહેવું જ પડે છે?"

મુરબ્બી—"આ (કસુંબો) પેટમાં પહોંચે પછી એવી મસ્તી ચડે અને એવા આનંદમાં આવી જવાય કે કાંઈ પૂછવાની વાત નહીં."

પૂ. શ્રી—"એ આનંદ કેટલો સમય રહે?"

મુરબ્બી—"બે ત્રણ કલાક તો એવો આનંદ રહે કે સ્વર્ગ અહીં જ લાગે. પણ જેમ જેમ કસુંબો ઊતરતો જાય તેમ તેમ ટાંટિયા ઢીલા પડવા લાગે અને શરીર ચીંથરા જેવું થઈ જાય. પછી તો ઊઠવાનીયે પહોંચ રહે નહીં."

પૂ. શ્રી—"એવો કસુંબો શું કામનો જે ચડે અને ઊતરે. તમારી પાસે એવો કસુંબો હોય તો આપો કે જે એક વખત લીધો તે લીધો, ફરી કદી લેવો જ ન પડે. નાનકજીએ કહ્યું છે કે–

ભાંગ, ધંતુરા, ગાંજિયા, ઉતર જાત પલ છીન;
નામ રસાયન નાનકા, ચડી રહે રૈન દિન!

જો કદી ન ઊતરે એવો કસુંબો તમારી પાસે હોય તો મને આપો નહીં તો એવો મારી પાસેથી તમે લ્યો."

મુરબ્બી–"બાપજી! તમારાં વેણ જ કહુંબા જેવાં છે. કાંઈક વધુ કો. બે શબ્દ કાનમાં જાશે તોય પાવન થાશું."

પૂ. શ્રી–"મનુષ્યના મન-સ્વભાવની એવી વિચિત્રતા છે કે

તેને સુખી થવાનો સહેલામાં સહેલો ઉપાય બતાવવામાં આવે ત્યારે તે તેનો એટલા માટે લાભ નથી લઈ શકતો કે તે ઉપાય સાવ સરળ છે. દુઃખમુક્તિનો ઉપાય અતિ સરળ અને સાવ સસ્તો છે તેથી તે તેની કિંમત નથી આંકી શકતો. જ્યારે તેને કઠિન ઉપાય બતાવવામાં આવે છે ત્યારે તે તેના કઠિનપણાના કારણે તેનો લાભ નથી લઈ શકતો. તે વખતે તે વિચારે છે કે આ તો બહુ કઠિન છે. આ તો યોગીઓ અને સંન્યાસીઓનું કામ. હું તો સંસારી જીવ, મારાથી આ ન બની શકે. જેનું મન આવાં બહાનાં જ બનાવ્યે રાખતું હોય તેના માટે શું ઉપાય?

"શરીરમાં જીભ અને ઉપસ્થ અતિ અગત્યની ઇન્દ્રિયો છે. મુખ દ્વારા જ શરીર અને સંબંધો સુધરે છે અને મુખ દ્વારા જ શરીર અને સંબંધો બગડે છે. તે બંનેનો સાચો ઉપયોગ કરી જાણે તેના માટે તે સાધક છે; બીજા માટે તે બાધક છે. કાગડો " ઋષિ "(કંકઋષિ) અને કૂતરો "કૂતરો" કેમ? કાગડાને પ્રજોત્પતિની ક્રિયા કરતાં કોઈએ જોયો નહીં હોય! જ્યારે કૂતરાની પ્રજોત્પતિની ક્રિયા વખતની સ્થિતિ કેવી દયાજનક છે!

"આપનારાએ તો આપણને ઉદાર હાથે બધું જ આપી દીધું છે. હવે તેનો ઉપયોગ કેમ કરવો તે આપણા હાથની વાત છે, આપણા વિવેકની વાત છે.

"એકાંત તો સૌ ઝંખતું હોય છે. પણ તેનો કલ્યાણકારી ઉપયોગ તો કોઈ વિરલા જ કરી શકે છે. બાકી તો સૌ એકાંતને પ્રાપ્ત કરીને અધોગતિને જ વહોરી લે છે. કેમ ભગત બાપુ! મારું કહેવું વાજબી છે ને."

મુરબ્બી—"ધન્ય બાપ ધન્ય! આજે તો ડાયરાને પાવન કર્યો! બાપજી! કાયમ આવી દયા રાખજો."

રામરામ....રામરામ....કરીને ડાયરો વિખેરાયો.

□

## તમારી બાયડીમાં પણ ધ્યાન કરી શકો છો!

ગામ કલ્યાણપુરા(તા. કડી)માં એક પ્રેમીભાઈને ત્યાં સત્સંગ રાખેલો. પૂ. ગુરુદેવ ધ્યાન ઉપર બોલી રહ્યા હતા. વચ્ચે જ એક ભાઈએ પ્રશ્ન કર્યો—

"ધ્યાન કરવા માટેનાં જે જે કેન્દ્રો તમે બતાવો છો તેમાં તો મને બિલકુલ પ્રેમ નથી; તો તેના પર ધ્યાન કઈ રીતે કરી શકું?"

પૂ. શ્રી—"તમને ગધેડામાં પ્રેમ હોય તો તે પર પણ ધ્યાન કરી શકો છો. અરે, તમારી બાયડી બહુ વહાલી હોય તો તેના ઉપર પણ ધ્યાન કરી શકો છો!"

□

## તમારો "હું" આંખો ફાડીને બેઠો છે!

તે ભાઈ—"આપના સત્સંગમાં આપ "હું"ને કાઢવાનું કહો છો પણ આપની વાતોમાં તો "હું હું" ઘણી વાર આવે છે. આપનો "હું" તો હજુ ગયો નથી!"

પૂ. શ્રી–(હસતાં હસતાં) "તમારી વાત ખરી છે. મારે પ્રયત્નપૂર્વક "હું" ને રાખવો પડે છે. મારા ગુરુદેવનો એવો આદેશ છે કે તું "હું" ને સાવ છોડીશ નહીં. જો સાવ છોડી દઈશ તો લોકોને તારો લાભ નહીં મળે. તેથી ગુરુ–આજ્ઞાના પાલન માટે મારે પ્રયત્નપૂર્વક "હું" ને રાખવો પડે છે. જો મારો "હું" સાવ ઓગળી ગયો હોત તો હું અહીં સત્સંગમાં આવ્યો જ ન હોત અને તેથી તમે મને આવા પ્રકારનો પ્રશ્ન જ કરી શકયા ન હોત. પરંતુ તમને તો તમારા ગુરુજીએ સંપૂર્ણ "હું" કાઢી નાખવાનું કહ્યું છે. તો ય તમે કેમ નથી કાઢયો? ચાલુ જીવનવ્યવહારમાં તો ઠીક પણ અહીં સત્સંગમાં પણ તમારો "હું" સખણો નથી રહેતો! સત્સંગનો સાર જોવાના બદલે, બીજાના "હું" જોવામાં જ તમારો "હું" આંખો ફાડીને બેઠો હોય છે!"

પૂ. શ્રીનો આવો માર્મિક જવાબ સાંભળીને સત્સંગ-સભામાં સોપો પડી ગયો. સૌ તે પ્રશ્નકર્તા સામે કુતૂહલથી જોવા લાગ્યા ત્યાં તો પૂ. શ્રીએ સત્સંગસરિતાને આગળ વહેતી કરી દીધી.

□

## બે શ્રીફળ

કોઈ કોઈ દર્શનાર્થીઓ પૂ. શ્રીનાં દર્શને આવે ત્યારે શ્રીફળ કે ફળ એવું કાંઈ લાવે. એક વખત એક પરિચિત પ્રેમી આવ્યા અને તેમણે પૂ. શ્રીના ચરણોમાં બે શ્રીફળ મૂકયાં.

બે શ્રીફળ તો કોઈ લાવતું નહીં તેથી પૂ. શ્રીને પણ આશ્ચર્ય થયું અને તેથી પૂછ્યું કે–

"આજે બે શ્રીફળ કેમ?"

તે ભાઈ–(હસતાં હસતાં) "આપની દયાથી જોડકા પુત્રોની પ્રાપ્તિ થઈ. જો આમ ન કર્યું હોત તો આ વાત કહેતાં મને શરમ થાત."

પૂ. શ્રી—"સારું સારું. તમારા ઉપર પણ એમ નારાયણે દયા કરી ખરી! પરંતુ એકી સાથે બે બાળકોને સંભાળવામાં કષ્ટ ઘણું પડે. એક બાળકનેય મોટું કરતાં કરતાં નેવાનાં–મોભે ચઢે છે તો બે બાળકોને એકી સાથે ઉછેરતાં તો શું થતું હશે? પણ એમનોય ભગવાન છે, એમનુંય નસીબ છે."

□

## દાઢીવાળો બાવો દેખાય છે!

એક જિજ્ઞાસુએ પૂ. શ્રીને પૂછ્યું—

"આ શક્તિપાત શું છે? એ વિશે કાંઈક માહિતી આપવા કૃપા કરો."

પૂ.શ્રી—"તે વિષે તો મને વિશેષ માહિતી નથી. તે માટે તો તેના વિશેષજ્ઞોને પૂછવું જોઈએ. પણ તમારા આ પ્રશ્નથી થોડાં વર્ષ પહેલાંની એક ઘટના મને યાદ આવે છે. સાંભળવા જેવી છે–

કોયડા મુકામે અમારા એક પ્રેમીને ત્યાં અમારે જવાનું થયું. આજુબાજુનાં બીજાં ગામોમાં ફરતા ફરતા અમે આવતા હતા તેથી ઘણાં સત્સંગી ભાઈ–બહેનો અમારી સાથે હતાં. હિરાપુરથી ભગતબાપા પણ સાથે હતા. મેડી ઉપર અમને ઉતારો આપેલો. સૌ સૌના આસને ગોઠવાઈ ગયાં. પરિવારનાં સર્વે નાનામોટાં, ભાઈ–બહેનો એક પછી એક નારાયણ કરવા આવવા લાગ્યાં. કોઈ પગમાં ફૂલ મૂકે તો કોઈ ફૂલમાળા પહેરાવે, તો કોઈ શ્રીફળ મૂકે. તેમનો છ સાત વરસનો પુત્ર આવ્યો. તેણે અમને પુષ્પો આપ્યાં, નમસ્કાર કર્યા, પછી અમારી સામે પદ્માસન લગાવીને બેઠો. બંને હાથ બંને ઢીંચણ ઉપર, આંખો બંધ. જાણે શુકદેવે સમાધિ લગાવી. તેનું આવું સૌમ્ય સ્વરૂપ જોઈને અમને ઊર્મિ થઈ આવી. તેથી અમે આવેલી પુષ્પમાળાઓમાંથી ત્રણચાર તેના ગળામાં પહેરાવી દીધી અને બેચાર પુષ્પો તેના મસ્તકે મૂક્યાં.

નારાયણ કરનારાઓની લાઇન પૂરી થઈ. સૌ બેઠા. સત્સંગ ચાલ્યો. લગભગ દોઢ પોણા બે કલાક પછી સભા વિસર્જન થવા લાગી. ઘણું માણસ નીચે ચાલ્યું ગયું, પણ આ બાલજોગીનું ધ્યાન ભંગ થયું નહીં. હાજર રહેલા સૌને વિસ્મય થયું. સૌ એમ માનવા લાગ્યા કે પૂ. શ્રીએ પુષ્પો મસ્તકે મૂકતી વખતે બાબલાને સમાધિમાં ચઢાવી દીધો છે. મારા મનમાં પણ એમ કે બાળક હઠે ચડી ગયું છે. પણ હઠ ક્યાં સુધી ચાલશે? હમણાં બેઠકનો ભાગ ગરમ લાય જેવો થઈ જશે એટલે પોતાની મેળાએ ઊભો થઈ જશે.”

ભગત બાપા કહે–“બાપુ! આને હવે નીચે ઉતારો.”

તોય હું તો એમ માનું કે હમણાં ઊભો થઈ જશે.

એટલામાં તો નીચેથી બહેનોમાંથી ડૂસકાંનો અવાજ આવવા લાગ્યો ! તેઓ સૌ એમ માનવા લાગ્યા અને ગભરાવા લાગ્યા કે બાબલાને બાપુએ સમાધિમાં ચઢાવી દીધો છે તેથી હવે કદી તે જાગશે નહીં. આ પરિસ્થિતિ જોઈને હું પણ થોડો ગભરાયો. હું વિચાર કરવા લાગ્યો કે—

હું આમાં કાંઈ જાણતો નથી, મેં આવું કશું કર્યું નથી. અત્યારે તો સૌએ મને ફૂલના હાર ચડાવ્યા છે પણ જો આ બાળક ઊઠશે જ નહીં તો શેના હાર પહેરવા પડશે ! ત્યાં પાછા ફરીને ભગતબાપા કહે—

બાપુ ! હવે તો ઘણું થયું, આને નીચે ઉતારો (જગાડો).

મને કાંઈ સૂઝ ન પડી એટલે કહ્યું કે તેના કાનમાં જોરથી ઓમ્‌નો ધ્વનિ કરો. તેમ કરવામાં આવ્યું. જે બાજુના કાનમાં ધ્વનિ કરે તે બાજુ તે બાળક થોડું નમે. બસ, એ સિવાય બીજી કોઈ અસર નહીં. ત્યાં સુધીમાં તો વાતાવરણ ખાસ્સું કરુણ થઈ ગયેલું. પછી અમે તેના પિતાને કહ્યું કે તેનું પદ્માસન હાથ વડે ખોલી નાખો અને તેને તેડીને નીચે લઈ જાઓ. તેમ કરવામાં આવ્યું. તેનું આસન ખોલાવીને તેને તેડી લેવામાં આવ્યું. તે વખતે તે ખૂબ રડવા લાગ્યું. અમે સૂચના આપી કે—

તેને નીચે લઈ જાઓ. કલાક બે કલાક સુધી તેને તેડેલું જ રાખજો, બેઠકનો ભાગ દબાય તેમ તેને બેસવા દેશો નહીં. નીચે લઈ ગયા પછી કોઈ કોઈ તેને પૂછવા લાગ્યું કે—

ભાઈ, તને સમાધિમાં શું દેખાતું હતું ? તો તે કહે કે

દાઢીવાળો બાવો દેખાતો હતો. સાંભળનારા ખૂબ જોરથી હસી પડયા અને તેમને સૌને નક્કી થઈ ગયું કે બાપુએ જ બાબલાને સમાધિ ચઢાવી દીધી હતી.

તે આખો પરિવાર ખૂબ આધ્યાત્મિક રુચિવાળો અને ગુરુસંત સેવાપ્રેમી છે. મહિનામાં બેચાર વાર તો કોઈ ને કોઈ સંતનો ઉતારો તેમના ત્યાં હોય જ. ત્યાર પછી બે માસ માટે અમે તેમના ત્યાં મુકામ કરેલો.

આ આખો પ્રસંગ મેં બાબાજીને કહી સંભળાવ્યો અને પૂછ્યું કે હું તો આવું કશું જ જાણતો નથી અને છતાંયે આ બાળકને આવું થઈ ગયું અને જો આ બાળક જાગે જ નહીં તો શું કરવું?

બાબાજીએ કહ્યું કે—

ઉસમેં ગભરાનેકી કોઈ બાત નહીં. ન ઉઠાતે તો ભી વહ બાલક તીન દિનસે જ્યાદા નહીં બૈઠ સકતા.

હું વિચાર કરવા લાગ્યો કે એ ત્રણ દિવસમાં મારું શું થાત? જાન બચી તો લાખો પાયા.

□

## પ્રિસકટવે (અમેરિકા) માં પ્રણવ પ્રગટયા!

૨૭–૧૧–૮૧ના દિવસની આ વાત છે. અમેરિકા–હોબોકન, ન્યુયોર્ક, પ્રિસટવે વગેરેમાં ગુરુદેવના ઘણા પ્રેમીઓ છે. પ્રિસટવેમાં તે દિવસે એક પ્રેમીના ઘરે સ્વાધ્યાય રાખેલો.

તે વખતે જે દિવ્ય—અલૌકિક—અદ્‌ભુત ઘટના ઘટી તે બાબતનો ત્યાંથી જે પત્ર આવેલો છે; તેમાં વિગત આ પ્રમાણે લખેલી છે—

"પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ

સાદર પ્રણામ સ્વીકારશો........

નવેમ્બરની ૨૫મી અહીંનો મોટો તહેવાર "થેંક્સ ગિવિંગ" જે આખા અમેરિકામાં ઊજવાય છે. તે દિવસે આખા અમેરિકામાં રજા હોય છે. એ તહેવાર ગુરુવારે હતો. આથી ગુરુ, શુક્ર, શનિ, રવિ આમ ચાર રજા હોવાથી મુ. શ્રી વિનુભાઈ, વસુબેન વગેરેને પ્રિસકટવે બોલાવ્યાં હતાં અને એ ચાર દિવસમાં સત્સંગનો પ્રોગ્રામ રાખ્યો હતો. ઓમ્ ભગવાનનો ફોટો, પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ(યોગભિક્ષુજી)નો ફોટો તેમજ રામજી, હનુમાનજી વગેરેના ફોટા દેવસ્થાનમાંથી લાવી બહારના રૂમના ટેબલ ઉપર સ્થાપના કરી દીવો—અગરબત્તી વગેરે કરી અમે ગુરુવારે રાત્રે દોઢ કલાક "કૌન સો સંકટ મોર ગરીબકો"નો જાપ કર્યો. ત્યાર બાદ શુક્રવારે રાત્રે "ૐ નમઃ શિવાય ૐ"ની ધૂન કરી. સ્વાધ્યાય વગેરે થઈ ગયા બાદ શ્રી વિનુભાઈએ કહ્યું કે આપણે ઓમ્ ભગવાનના ફોટાની પ્રાણપ્રતિષ્ઠા કરી દઈએ અને ત્યાર પછી તમે ફોટાને હલાવશો નહિ. મેં કહ્યું સારું. આથી શ્રી વિનુભાઈએ બધા ફોટા પાછા દેવસ્થાનમાં મૂકચા. તે જ વખતે તેમને પ્રેરણા થઈ કે નાળિયેર વધેરિયે અને જે શ્રીફળ દેવસ્થાનમાં હતું તેને માટે પૂછ્યું. (જે નાળિયેર અમે ઘરનું મુહૂર્ત ૧૯૭૯ જૂનમાં કર્યું હતું

તે જ હતું જે રાજુના ડેડી લાવેલા.) આથી મેં તરત જ હા પાડી. જો કે મને મગજમાં તે જ વખતે વિચાર આવ્યો કે કદાચ બગડી ગયું હશે, કારણ શ્રીફળ અઢી વર્ષ જૂનું હતું. પરંતુ હું કંઈ એ વિષે બોલી નહીં. શ્રીફળ જેવું વધેરાઈ ગયું તે જ મિનિટે હું નજીકમાં જોવા ગઈ કે કેવું નીકળ્યું? અને તે પળ જીંદગીની પળોમાંની મહાન પળ મારા માટે, અમારા માટે બની ગઈ. એમના ડાબા હાથમાં જે શ્રીફળનો ભાગ હતો તેમાં ઓમ્ ભગવાન સાક્ષાત્ હાજર હતા, એમની નજર તે વખતે જમણા હાથ પર હતી. એક પળ માટે બોલાયું પણ નહિ કે આ હું શું જોઈ રહી છું? અને તરત જ શ્રી વિનુભાઈને કહું છું કે આમાં તો ઓમ્ ભગવાન છે અને એમણે પણ કહ્યું કે હા. તરત જ વસુબેન અને છોકરાઓને કીચનમાં બોલાવ્યાં. બધાંએ ઓમ્ ભગવાનનાં અમેરિકાની ધરતી ઉપર દર્શન કર્યાં! બધા ભાવવિભોર થઈ ગયા! કોઈને હોશ રહ્યા નહિ! આ તો અજબ થયું! ત્યાર પછી અમે આરતી કરી શીરાનો પ્રસાદ કર્યો અને તે વખતે અમને "સકળ વિશ્વમાં સર્વલોકમાં-અણુ અણુમાં જેનો વાસ"એ ભજન ગાવાની ઇચ્છા થઈ. આથી તમે મોકલાવેલી ટેપ યાદ આવી. તે ચાલુ કરી જેમાં એ ભજન તમે ગાયું છે. અમે પણ એ ભજન તમારી જોડે ગાયું.

આ બધું બન્યું નવેમ્બરની ૨૭ શુક્રવારે રાત્રે ૧૦–૪૭ માગસર વદ પડવો – પ્રિસકટવેમાં ઓમ્ ભગવાન સાક્ષાત્ બિરાજ્યા. જો કે તે દિવસે દિવસની શરૂઆત જ દિવ્ય રીતે થઈ હતી. બીજે દિવસે ફોટા લીધા આથી તમને મોકલાવી શકીએ."

તે જ હતું જે રાજુના ડેડી લાવેલા.) આથી મેં તરત જ હા પાડી. જો કે મને મગજમાં તે જ વખતે વિચાર આવ્યો કે કદાચ બગડી ગયું હશે, કારણ શ્રીફળ અઢી વર્ષ જૂનું હતું. પરંતુ હું કંઈ એ વિષે બોલી નહીં. શ્રીફળ જેવું વધેરાઈ ગયું તે જ મિનિટે હું નજીકમાં જોવા ગઈ કે કેવું નીકળ્યું ? અને તે પળ જીંદગીની પળોમાંની મહાન પળ મારા માટે, અમારા માટે બની ગઈ. એમના ડાબા હાથમાં જે શ્રીફળનો ભાગ હતો તેમાં ઓમ્ ભગવાન સાક્ષાત્ હાજર હતા, એમની નજર તે વખતે જમણા હાથ પર હતી. એક પળ માટે બોલાયું પણ નહિ કે આ હું શું જોઈ રહી છું ? અને તરત જ શ્રી વિનુભાઈને કહું છું કે આમાં તો ઓમ્ ભગવાન છે અને એમણે પણ કહ્યું કે હા. તરત જ વસુબેન અને છોકરાઓને કીચનમાં બોલાવ્યાં. બધાંએ ઓમ્ ભગવાનનાં અમેરિકાની ધરતી ઉપર દર્શન કર્યાં ! બધા ભાવવિભોર થઈ ગયા ! કોઈને હોશ રહ્યા નહિ ! આ તો અજબ થયું ! ત્યાર પછી અમે આરતી કરી શીરાનો પ્રસાદ કર્યો અને તે વખતે અમને "સકળ વિશ્વમાં સર્વલોકમાં-અણુ અણુમાં જેનો વાસ" એ ભજન ગાવાની ઇચ્છા થઈ. આથી તમે મોકલાવેલી ટેપ યાદ આવી. તે ચાલુ કરી જેમાં એ ભજન તમે ગાયું છે. અમે પણ એ ભજન તમારી જોડે ગાયું.

આ બધું બન્યું નવેમ્બરની ૨૭ શુક્રવારે રાત્રે ૧૦–૪૭ માગસર વદ પડવો – પ્રિસકટવેમાં ઓમ્ ભગવાન સાક્ષાત્ બિરાજ્યા. જો કે તે દિવસે દિવસની શરૂઆત જ દિવ્ય રીતે થઈ હતી. બીજે દિવસે ફોટા લીધા આથી તમને મોકલાવી શકીએ."

પત્રની સાથે, શ્રીફળના ફાડિયાના ફોટાઓ પણ હતા, જેમાં સંપૂર્ણ સ્પષ્ટ ઓમ્‌ની આકૃતિ દેખાય છે.

ફોટાઓ સાથે આવો જ બીજો પત્ર શ્રી ભરત દેસાઈ પર હતો. જેમાં લખ્યું છે કે—

"........શ્રીફળના બે ભાગ હતા. એક જમણા હાથમાં અને એક ડાબા હાથમાં. મારી નજર ડાબા હાથ પર તરત જ ગઈ. એક સેકન્ડ તો ભાન પણ ન રહ્યું અને બોલાયું પણ નહિ કે આ હું શું જોઈ રહી છું? બીજી જ સેકન્ડે બોલી ઊઠી કે આમાં તો ઓમ્ ભગવાન છે....શ્રીફળમાં (આખામાં) કોતરામણી અને લાલ કલર અને ખાવ તો ખોપરેલની સુગંધ. શું ભગવાનની અજબ લીલા છે....એ ટેપમાં છેલ્લે પૂ. બાપુ (યોગભિક્ષુજી) બોલે છે... બેન આવજો, રાજુભાઈ આવજો. એટલે ટેપ પૂરી થતાં આ શબ્દો સાંભળીએ છીએ ત્યારે થાય છે કે પૂ. બાપુ પણ અહીં અત્યારે આવ્યા હતા. પૂ. ગુરુપ્રેમભિક્ષુ, વસુબેન, મારું—અમારું બધાનું મન કહે છે કે બાપુ પણ આવ્યા હતા. શ્રીફળના બીજા ભાગમાં પણ આખી કોતરામણી અને નાના—નાના આકારમાં ઓમ્ ભગવાન છે એટલે આખું શ્રીફળ ઓમ્ ભગવાનથી ભરાયેલું છે.ઓમ્ ભગવાનને પ્લાસ્ટિકના બોકસમાં રાખ્યા છે, આથી ધૂળ લાગે નહિ અને દર્શન થઈ શકે."

નવેમ્બરની રાત્રે ૧૦–૪૭ એ આ પ્રસંગ અમેરિકાની ધરતી ઉપર બન્યો અને જોગાનુજોગ એવો બન્યો કે નવેમ્બરની ૨૮મી સવારે લગભગ નવ દશ વાગ્યે, ભારતમાં ગામ ખંડેરાવપુરા (તા. કડી)માં પૂ. ગુરુદેવે ગાયત્રી-મારુતિ હવનની આહુતિ આપવાનો પ્રારંભ કર્યો જેમાં મુખ્ય ઓમ્ નારા-

ચણનો ફોટો રાખવામાં આવે છે. અમેરિકા અને ભારતના સમયમાં દશ-બાર કલાકનો તફાવત જોતાં, ત્યાં શ્રીફળ વધેરવાની અને અહીં હવનની શરૂઆત કરવાની, બંને ક્રિયા લગભગ સાથે થઈ.

કુદરતનું ગણિત અજબ-ગજબનું છે!

□

## શિવરાત્રી અને શિવાલય

### (એક દિવ્ય રહસ્ય)

આપણાં બધાં ધાર્મિક પર્વો દિવસનાં હોય છે પરંતુ શિવરાત્રી, નવરાત્રી વગેરે રાત્રીપર્વો છે. નવરાત્રી, શક્તિ-ઉપાસનાનું – શક્તિને પ્રાપ્ત કરવાનું સામૂહિક દેશવ્યાપી પર્વ છે. તે નવે રાત્રીઓમાં, યોગશાસ્ત્રકથિત, શરીરસ્થ નવ ચક્રો સ્થિત, તેની અધિષ્ઠાત્રી દેવીનું-શક્તિનું ઉદ્દીપન -માર્જન કરવાનું હોય છે કે જેથી શરીર-દુર્ગનું આવતી નવરાત્રી સુધી સંપૂર્ણ અને સુચારુ રીતે યોગ-ક્ષેમ ચાલ્યા કરે. તેમ શિવરાત્રીમાં કલ્યાણની ઉપાસના કરવાની હોય છે. શિવનો અર્થ જ થાય છે "કલ્યાણ". અન્ય રાત્રીઓ તો નાટક-સિનેમા, ગપસપ, નિદ્રા-ભોગ વગેરેમાં પસાર કરી નાખીએ છીએ. પરંતુ શિવરાત્રી તો કલ્યાણ-યોગમાં, કલ્યાણ-પ્રાપ્તિના ચિન્તન-મનનમાં પસાર કરવાની છે.



પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર
(મુ. પલિયડ ૧૯૭૮) ની કુટિરમાં

## શ્રી ગુરુપ્રેમભિક્ષુજી (અમેરિકા)



"અનંત જન્મોના સુકૃતના ફળ રૂપે ગુરુદેવની સેવા અને કૃપા પ્રાપ્ત થાય છે. ગુરુદેવની સેવાની તુલનામાં અખિલ બ્રહ્માંડની સઘળી સંપત્તિનો કાંઈ હિસાબ નથી!"

— ગુરુપ્રેમભિક્ષુ

જીવમાત્રની ઉપાસના મુખ્યતઃ બે ભાગમાં વહેંચી શકાય (૧) શિવ ઉપાસના અને (૨) શક્તિ ઉપાસના. કોઈ તો ભિન્નભિન્ન નામે બળ–તાકાત (શક્તિ) ને ઇચ્છે છે, તો કોઈ જુદી જુદી રીતે પોતાનું કલ્યાણ(શિવ) પ્રાપ્ત કરવા મથે છે. કલ્યાણનો ઉપાસક ક્રમે–ક્રમે અનાયાસે જ શક્તિ પ્રાપ્ત કરી લે છે અને શકિતનો ઉપાસક ક્રમે ક્રમે કલ્યાણ–માર્ગમાં આગળ વધતો જાય છે. આ રીતે જોતાં શિવ અને શકિત, શક્તિ અને શિવ બંને એક જ તત્ત્વની, એક જ પ્રાપ્તિની બે બાજુઓ – બે નામો છે.

શકિત એટલે ક્રિયાશક્તિ અને શિવ એટલે કલ્યાણકારી આત્મ–પરમાત્મ–સર્વવ્યાપક–ચૈતન્ય તત્ત્વ. સ્થૂળ–સૂક્ષ્મ, લૌકિક–અલૌકિક ક્રિયાઓની સહાયતા લઈને શિવતત્ત્વ પ્રાપ્ત કરીને નિષ્ક્રિય, સ્થિર, અચંચળ થઈ જવાનું છે.

શિવ ભોળા છે. શક્તિ ચંચળ છે. શિવ સ્થિર છે કેમકે તેઓ શક્તિશાળી છે. શક્તિ ચંચળ છે કેમ કે તે અશક્તિશાળી છે. સ્થિરત્વ શિતત્ત્વનું દ્યોતક છે અને લોલત્વ બલાભાવનું સૂચક છે. દરેકે દરેક શરીરમાં શિવ અને શકિત બંને રહેલાં છે. શકિત–બીજ રજ છે અને શિવ–બીજ વીર્ય છે. દરેક શરીરમાં રજ અને વીર્ય બંને રહેલાં છે. એક શરીરમાં રહેલાં જે રજ અને વીર્ય તે બંનેનું તે જ શરીરમાં સંમિલન થવું તે જ વજ્રોલી મુદ્રાની સિદ્ધિ અથવા તેનું રહસ્ય છે.

બીજાં મંદિરોમાં તો મૂર્તિઓ હોય છે પણ શિવમંદિરમાં – કલ્યાણ મંદિરમાં કોઈ મૂર્તિ હોતી નથી. તેમાં તો કલ્યાણ–તત્ત્વના પ્રતીકરૂપે કેવળ લિંગાકૃતિ હોય છે. તે

લંબગોળ આકૃતિ દ્વારા તેના અસીમપણા અને અમર્યાદપણાને બતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. લંબગોળ કે ગોળ આકૃતિની ફરતે આંગળી ફેરવીશું તો આંગળી ક્યાંય અટકશે નહિ. તે તેના અસીમપણાનું સૂચક છે.

લિંગાકૃતિ નિરવયવ છે તેથી તે શરીરનું પણ પ્રતીક છે. તેના ઉપર સર્પાકૃતિ લપેટાયેલી છે તે યોગશાસ્ત્રનું ગુહ્ય રહસ્ય છે. તે સર્પાકૃતિથી લિંગને ત્રણ કુંડલ (લપેટ) લગાવ્યાં છે અને ફેણનો જે ભાગ લિંગને છાયા કરી રહ્યો છે તે અર્ધું કુંડલ, અર્ધો આંટો ખૂલેલો છે. આ રીતે જોતા સર્પાકૃતિ સહિતનું લિંગ જાગૃત કુંડલિનીનું પ્રતીક છે. કુંડલિની શક્તિ એટલે સુપ્ત શક્તિ. એટલે કે જે શક્તિથી હજુ આપણે કામ નથી લઈ શકતા, જે અનામત રૂપે પડેલી છે. તે કુંડલિની શક્તિને "સાર્ધત્રિવલયામ્" એટલે કે સાડા ત્રણ આંટા (કુંડલ)વાળી માનવામાં આવે છે. સર્પાકૃતિ સહિતનું લિંગ, જાગૃત કુંડલિની, કે જેનો અર્ધો આંટો ખૂલી ગયો છે અને ત્રણ આંટા હજુ ખૂલવાના બાકી છે તેનું પ્રતીક છે. જ્યારે કુંડલિનીનું પૂર્ણ જાગરણ થઈ જાય છે ત્યારે લિંગ ઉપર એક પણ આંટો બાકી રહેતો નથી. કપાળમાં ભસ્મની જે ત્રણ રેખાઓ કરવામાં આવે છે તે પણ કુંડલિનીનું સૂચક છે. કોઈપણ લંબગોળ વસ્તુ ઉપર જાડા દોરડાના ત્રણ આંટા લગાવીએ અને તેને દૂરથી જોઈએ તો તે કપાળમાં કરાતી ભસ્મની ત્રણ રેખાઓ જેવા જ દેખાય છે.

સર્પાકૃતિ યુક્ત લિંગ ઉપર જળાધારી (ગળતી) લટકાવેલી હોય છે કે જેમાંથી ટીપું ટીપું પાણી લિંગ ઉપર પડ્યા કરે છે. તે બતાવે છે કે લિંગને–જનન - અવયવોને

સતત મંદ–શીતળ રાખવા જોઈએ. તેમાં ઉષ્ણતા ન આવવી જોઈએ, ગંદકી ન રહેવી જોઈએ. શિવને–કલ્યાણને પ્રાપ્ત કરવામાં તે અંગોની શીતળતાની અતિ આવશ્યકતા છે. જે જમાનામાં ઘડિયાળો નહોતી ત્યારે તે જળાધારી ઘડિયાળની ગરજ સારતી. સવારમાં ચડાવેલી પાણી ભરેલી જળાધારી (તળિયામાં સૂક્ષ્મ છિદ્રવાળો પાણીનો ઘડો) સાંજે નિશ્ચિત સમયે ખાલી થઈ જાય એટલે પૂજારી સમજે કે સંધ્યાસમય થઈ ગયો, આરતીની વેળા થઈ ગઈ. એ વખતે મંદિરમાં અનેક પ્રકારના કર્ણ–મધુર ધ્વનિઓ સાથે આરતીની શરૂઆત થાય, જે આજુબાજુમાં બધે જ સંભળાય જેથી ગામ લોકોને પણ ખબર પડે કે સાંજ પડી ગઈ. આ રીતે જળાધારી સમયનો અંદાજ આપીને ઘડિયાળનું કામ પણ સારતી. આરતી વખતે થતા ધ્વનિઓ નાદાનુસંધાનનું પણ પ્રતીક છે. સાધનાકાળમાં સાક્ષાત્‌કાર પૂર્વે શરીરમંદિરમાં જે ધ્વનિ, પ્રકાશ વગેરેની દિવ્ય અદ્‌ભુત અનુભૂતિઓ થાય છે તેનું બાહ્ય, સ્થૂળ પ્રતીક તે મંદિરોમાં થતી આરતી છે.

શિવને મહાદેવ પણ કહે છે. બીજા બધા દેવ અને શિવ તે મહાદેવ–મોટા દેવ. શાના કારણે તેઓ મોટા દેવ ? કારણ કે તેઓ નીલકંઠ છે. અન્યોને અમૃત આપીને વિશ્વનું હળાહળ ઝેર પોતે પી ગયા ! તેમણે જે ઝેર પીધું તે પેટમાં ન ઉતરવા દીધું. કંઠમાં જ રોકી રાખ્યું. તેથી કંઠ નિલવર્ણ થઈ ગયો. તેમના કંઠ ઉપર નીલા–વાદળી ડાઘનું દૂષણ લાગી ગયું પણ તે જ તેમના માટે ભૂષણ બની ગયું ! કારણ કે તે ડાઘ તો તેમને લોકકલ્યાણ કરવાના પ્રયત્નમાં લાગેલો હતો ને ? શ્રીકૃષ્ણ લડાઈમાંથી રણ છોડીછોડીને

ઘણી વખત ભાગ્યા તે તેમના માટે દૂષણ હતું પણ તે લડાઈ જનકલ્યાણ માટે હતી તેથી તે "રણછોડ" રૂપી ભૂષણ બની ગયું.

ઝેરને પેટમાં ન ઊતરવા દેવું જોઈએ. જો પેટમાં ઊતરે તો મરી જવાય. ઝેરને મોઢામાં પણ ન રખાય. જો મોઢામાં રાખીએ તો ક્યારેક પણ બહાર નીકળી પડે. તેથી સદાશિવે ઝેરને કંઠમાં થંભાવી દીધું.

જન-કલ્યાણના ભેખધારીઓએ લોકોની ટીકાટિપ્પણી કે નિંદા-કૂથલીથી વિચલિત થઈને પોતાનું ક્ષેત્ર છોડી ન દેવાય. છોડી દઈએ તો તેનું નામ જ ઝેર પેટમાં ઊતરી ગયું કહેવાય. લોકોની નિંદા-પ્રશંસાના જવાબો આપવાની પણ જરૂરત નહીં. જો આપીએ તો તેનું નામ જ ઝેર મોઢામાંથી બહાર ફેંકાઈ ગયું કહેવાય. બધાં જ ઝેરને પોતાના કંઠમાં રોકી રાખીને પોતાના કાર્યક્ષેત્રમાં જ મગ્ન-મસ્ત રહેવું જોઈએ.

શિવે તો આખા વિશ્વનું ઝેર પીધું તો શિવભક્તો પોતાની આસપાસનું ઝેર કેમ ન પીવે? તો જ સાચા શિવભક્ત કહેવાઈએ. ભાંગ, ધતૂરો કે ગાંજો પીવો એ કાંઈ મોટી વાત નથી. ખરું ઝેર પીધું તો તે કહેવાય કે "બહુજન હિતાય બહુજન સુખાય"ના પ્રયત્નોમાં જે કાંઈ સહન કરવું પડે તે—આનંદપૂર્વક, તપ સમજીને સહન કરીએ.

શિવરાત્રીએ ભાંગની પ્રસાદી વહેંચાય છે. શિવે ત્રીજા નેત્ર દ્વારા કામને ભાંગી નાંખ્યો હતો. જેના જેનાથી ષડ્વિકારો, ભ્રમો, વહેમો, પ્રમાદ, ભય વગેરે ભાંગે-ભાગે તેનું

નામ "ભાંગ". તેનું "ભાંગ" નામ જ કેટલું બોધક છે! ભાંગ=ભાંગી નાંખ, ભાગ=નશીલી ચીજોથી દૂર ભાગ. દયાનંદ સરસ્વતી ભાંગની પ્રસાદી લઈને તન્દ્રામાં આવી ગયા. તન્દ્રામાં સ્વપ્નમાં પોતે શિવ–પાર્વતીને જુએ છે. મા પાર્વતીજી દયાનંદ તરફ લાંબો હાથ કરીને શિવને કહે છે કે આ તમારા દીકરાને પરણાવો. શિવજી જવાબ આપે છે કે શું પરણાવું? તમે જોતાં નથી તે ભાંગ પીને બેઠા છે તે? એટલામાં તો દયાનંદજી જાગી જાય છે અને સંકલ્પ કરે છે કે ભગવાનનો પ્રસાદ હશે તો પણ હવે પછી કદી નશીલી ચીજ નહિ લઉં. તેજણને ટકોર અને ગધેડાને ડફણાં!

શિવાલયની રચનામાં યોગનાં આઠ અંગોને આવરી લેવામાં આવ્યાં છે. શિવાલયમાં પ્રવેશતાં જ બંને બાજુએ જે હનુમાનજી તથા ગણપતિજીની મૂર્તિઓ હોય છે તે યમ–નિયમનું પ્રતીક છે; ત્યાંથી આગળ વધીએ એટલે નંદી (પોઠિયો) આવે છે જે આસન–પ્રાણાયામનું પ્રતીક છે; તેથી આગળ કાચબો હોય છે તે ઇન્દ્રિયસંકોચ રૂપી પ્રત્યાહારનું સૂચક છે; યોન્યાકાર થાળું કે જેમાં લિંગ સ્થિત–સ્થિર છે તે અને લિંગ તે ધારણા–ધ્યાનનું સૂચક છે; લિંગ ઉપરની સર્પાકૃતિ તે કુંડલિની જાગૃત થઈને પ્રાણ બ્રહ્મરંધ્રમાં પહોંચાડીને થતી સમાધિનો સંકેત છે.

શિવરાત્રી અને શિવાલયનાં આવાં તો અનંત ગુપ્ત–ગૂઢ–ગુહ્ય રહસ્યો છે જે બધાંને પ્રગટ કરવા જઈએ તો એક ગ્રન્થ થાય. આટલાથી જ આપણને શિવરાત્રીનો તાત્ત્વિક અર્થ સમજાયો કે શિવરાત્રી એટલે મહાદેવ પ્રાપ્ત કરવાની રાત્રી, કલ્યાણ પ્રાપ્ત કરવાની રાત્રી, આત્માનંદ–નિજાનંદ –સહજાનંદ પ્રાપ્ત કરવાની રાત્રી.

શિવભગવાનની કૃપાથી આપણે સૌ સાચા અર્થમાં શિવરાત્રી–મહાશિવરાત્રી ઊજવીને મહાકલ્યાણ, એટલે કે આત્યંતિક સુખ, એટલે કે જે સુખની પ્રતિક્રિયા દુઃખ નથી એવું સુખ, એટલે કે મુક્તિ–કૈવલ્યને પ્રાપ્ત કરીએ. કેમ કે બીજાં બધાં જ ભૌતિક સુખો દુઃખની પ્રતિક્રિયાવાળાં છે. જેમકે–"પરિણામ–તાપ–સંસ્કાર–દુખૈર્ગુણવૃત્તિ વિરોધાચ્ચ-દુખમેવ સર્વમ્ વિવેકિનઃ".

ઇતિ શિવમ્

ઓમ્...ઓમ્...ઓમ્...

□

## ઓમ્–ધ્વનિ–ધારા નીકલી

રચયિતા–યોગભિક્ષુ

રચના: તા. ૨૭–૧૦–૭૦

સિદ્ધોંકી દિવ્યા બહ નિકલી,
બુદ્ધોંકી સેવ્યા સહ નિકલી,
મુક્તોંકી બલૈયા લે નિકલી,
ડુબતોંકો અભય કરને નિકલી.

ભૂ–ભારકો કંપાતી નિકલી,
વિરાટ કો શર્માતી નિકલી!
પૂરબ સે વહ તો થી નિકલી,
પશ્ચિમકો જાને કો નિકલી.

નિત્યાકે ભાવોંસે નિકલી,
મુક્તાકે ગાંવોંસે નિકલી,
ભૂખોંકી તૃપ્તિ કો નિકલી.
મુક્તિ તક પહુંચાને નિકલી.

મુક્તદ્વાર પર થી મચલી,
ન આસુશિકી વહાં ચલી,
બસ ચલી તો આગેઆગે ચલી,
મુડકર ભી દેખા ફિર ન કભી.

ભયભૂ-ડોંકો ભડકા નિકલી,
મયમુ-ડોંકો મરવા નિકલી,
મહચુ-ડોંકો કટવા નિકલી,
મા-ઓમ્-ધ્વનિ-ધારા નિકલી.

□

## ચિનગારી

રચયિતા–યોગભિક્ષુ

ઓ જ્વાલાકી ચિનગારી,
તૂ અપનેકો ભી તો પહચાન!
તુઝહીમેં તો ભરા હુઆ હૈ,
કોડોં લપટોંકા તૂફાન!
ઉન લપટોંકી આન–બાનસે,
કૌન રહા નિર્લિંપ્ત?
ઉન હી કી તો ભૂમંડલમેં
દીપ્તિ રહી હૈ દીપ્ત!

જ્વાલાકા અસ્તિત્વ તભી–
જબ ચિનગારી રૂપ હો સ્વીકાર.
નહીં તો વહ સ્વીકૃત કરતી હૈ,
સબકે આગે હાર.

અતઃ ચિનગારી કુછ નહિ,
ફિર ભી તો સબકુછ!
જ્વાલા ચાહે સમઝે ઉસકો,
ભલે તુચ્છાતિતુચ્છ.

ચિનગારીકે રહને સે હી,
જ્વાલા હો સકતી "જ્વાલા",
વરના ઉસકો જ્વાલાકા રૂપ,
દે સકતા થા કૌન ભલા?

સનાતનતાકા દાવા હૈ કિ–
ચિનગારિયાં મિટમિટ કર–
હી તો જ્વાલાકો,
કરતી હૈ અજરઅમર.

પર ક્યા ભૂમંડલમેં ઐસા
હૈ કોઈ લાલ માઈકા?
હિસાબ માંગે ઉસ સે,
બરસોં કી પાઈ–પાઈકા.

પર કોઈ ઐસા ક્યોં કરે?
જબ ચિનગારી ખામોશ રહે.
ઇસ દુનિયા મેં કોઈ કિસીકે
લિયે ક્યોં કુછ ભી સહે?

□ સમાપ્ત □

प्रेम-समर्पण-ध्यान

"... गुरु बनकर ही रहेगा"